**આજનો સુવિચાર**

આ યાદશક્તિ પણ ગજબ છે કોઈ કહે તો યાદ ન રહે, અને કોઈ કહી જાય તો ભુલાતુ નથી!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૮૭ જૂનાગઢ તા.૨૦-૦૭-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડિયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 187, Junagadh : Date : 20 July, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

### ગુજરાત ઉપર એક સાથે ૩ વરસાદી સીસ્ટમ સક્રિય : બંગાળની ખાડીમાં સર્જાયેલા લો પ્રેશરે વાવાઝોડાનું સ્વરૂપ ધારણ કર્યું

# સૌરાષ્ટ્ર-દ.ગુજરાતમાં આગામી બે દિવસ અતિભારે વરસાદની આગાહી : રેડ એલર્ટ

ગાંધીનગર તા.૨૦ : હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આજથી બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. ગુજરાતમાં ૩ વરસાદી સિસ્ટમ સક્રિય થતાં આગામી પાંચ દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે, તેમજ બંગાળની ખાડીમાં સક્રિય થયેલું લો-પ્રેશર આગળ વધીને ૨૪ કલાકમાં ડિપ્રેશનમાં ફેરવાશે. આથી એકસાથે વરસાદી સિસ્ટમ સક્રિય થતા અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

હવે બંગાળની ખાડીમાં સક્રિય થયેલું લો-પ્રેશર ડિપ્રેશનમાં ફેરવાશે, તેની સાથે બંગાળની ખાડીથી લઈને અરબ સાગર સુધી એર સાયક્લોનિક સરક્યુલેશન સાથે ચાર સિસ્ટમ સક્રિય થતાં બે દિવસ રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદની વકી હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

મેઘરાજા સૌરાષ્ટ્રમાં ટ્વેન્ટી-ટ્વેન્ટી અંદાજમાં વરસી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન જૂનાગઢ, પોરબંદર અને દ્વારકામાં મેઘરાજાનું રોદ્ર સ્વરૂપ જોવા મળ્યું છે. કેશોદ અને પોરબંદરમાં જળબંબાકારની સ્થિતિનું નિર્માણ થયું હતું. સૌરાષ્ટ્રમાં મેઘતાંડવ થતાં તારાજી સર્જાઈ હતી. ત્યારે આજે પણ મેઘરાજા જળપ્રલય સર્જે એવાં એંધાણ જોવા મળી રહ્યાં છે. બીજી તરફ, આજે વહેલી સવારથી દ્વારકા અને જૂનાગઢમાં વરસાદ શરૂ થયો છે તેમજ પોરબંદર-દ્વારકામાં આજે શાળામાં રજા જાહેર કરાઈ છે.

કેટલાક રાજ્યો પર હવે વાવાઝોડાનું સંકટ પણ તોળાઈ રહ્યુ છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં વાવાઝોડુ ઉદભવવાની સંભાવના છે. બંગાળની ખાડીમાંથી સર્જાયેલા લો પ્રેશરે વાવાઝોડાનું સ્વરૂપ ધારણ કર્યુ છે. આ વાવાઝોડાને 'લોપર' નામ આપવામાં આવ્યું છે.

ઓડિશાના દરિયાકાંઠે ઉત્તર-પશ્ચિમ અને અડીને આવેલા પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી અને અડીને આવેલા ઉત્તર આંધ્ર પ્રદેશ પરનું ડિપ્રેસન લગભગ ૭ કિમી પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ દિશા તરફ આગળ વધ્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર-પશ્ચિમ અને અડીને આવેલા પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી પરનું લો પ્રેશર એરિયા શુક્રવારે દક્ષિણ ઓડિશા અને ઉત્તર આંધ્ર પ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારમાં દબાણ વિસ્તારમાં ફેરવાઈ ગયું હતું. તે પુરી, ઓડિશાથી લગભગ ૫૦ કિમી દક્ષિણ-દક્ષિણ-પશ્ચિમમાં, ગોપાલપુરથી ૯૦ કિમી પૂર્વમાં, પારાદીપથી ૧૪૦ કિમી દક્ષિણ-પશ્ચિમમાં અને કલિંગપટનમ (આંધ્રપ્રદેશ)થી ૨૦૦ કિમી ઉત્તર-પૂર્વમાં સ્થિત



થયું છે. બંગાળની ખાડીમાં સર્જાયેલા લો પ્રેશર અને વાવાઝોડાની સ્થિતિને કારણે સ્થિતિ વધુ ગંભીર બની રહેવાની આશંકા છે. તંત્રને એલર્ટ રહેવાના આદેશો આપવામાં આવ્યા છે.

## વડોદરામાં નારાણય વિદ્યાલયમાં ક્લાસરૂમની દિવાલ ધરાશાય થઈ ગઈ : ૪ બાળકો ઈજાગ્રસ્ત

વડોદરા તા.૨૦ વડોદરાના વાઘોડિયા રોડ ગુરુકુલ ચાર રસ્તા પાસે આવેલી શ્રી નારાયણ વિદ્યાલયમાં અચાનક એક ક્લાસરૂમની દીવાલ ધરાશાયી થઈ હતી. આથી ચાલુ ક્લાસરૂમમાંથી બેન્ચો સાથે ૪ વિદ્યાર્થી ૧૦ ફૂટ નીચે ગ્રાઉન્ડ ફ્લોર પર પટકાયા હતા. આ ઘટનામાં એક વિદ્યાર્થીને માથામાં ટાંકા આવ્યા છે. જ્યારે અન્યોને પ્રાથમિક સારવાર બાદ વાલીઓ વિદ્યાર્થીઓને ઘરે લઈ ગયા હતા. આ સમગ્ર ઘટનામાં ફાયર વિભાગ અને પોલીસ સ્થળ પર પહોંચ્યું હતું અને વધુ તપાસ હાથ ધરી હતી. જો કે, સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. જ્યારે આ ઘટનાના CCTV પણ સામે આવ્યા છે. આ ઘટનામાં કપૂરાઈ પોલીસે હાલમાં ઈજાગ્રસ્ત બાળકના પિતાની જાણવાજોગ ફરિયાદ લીધી છે અને વધુ કાર્યવાહી હાથ ધરી છે. આજે વડોદરા પેરેન્ટ્સ એસોસિએશનનું પ્રતિનિધિ મંડળ બપોર પછી ૨.૩૦ વાગ્યે સ્કૂલની મુલાકાત લેશે. બાદમાં આજે ૩ વાગ્યે શાળા સંચાલકોનો વિરોધ કરશે. એફઆઈઆર દાખલ કરવા માટે ડીઈઓને રજૂઆત કરી એક અરજી સુપ્રત કરશે.

## કાશ્મીરમાં આતંકવાદીઓના સફાયા માટે ૫૦૦ સ્પે.પેરા કમાન્ડો તૈનાત કરાયા

જમ્મુમાં વધી રહેલા આતંકવાદી હુમલા વચ્ચે ભારતીય સેનાએ લગભગ ૫૦૦ પેરા સ્પેશિયલ ફોર્સ કમાન્ડોને તૈનાત કર્યા છે. સંરક્ષણ સૂત્રોએ સમાચાર એજન્સી એએનઆઈને જણાવ્યું કે પાકિસ્તાનના ૫૦-૫૫ આતંકવાદીઓ જમ્મુ ક્ષેત્રમાં છુપાયા હોવાની આશંકા છે. આતંકી નેટવર્કને સક્રિય કરવા તેઓ ફરી ભારતમાં ઘુસ્યા છે.સેનાને આનાથી સંબંધિત ઈન્ટેલિજન્સ ઈનપુટ્સ મળ્યા છે, જેના પછી પેરા કમાન્ડો ચાર્જ સંભાળ્યો છે. ગુપ્તચર એજન્સીઓ ઓવરગ્રાઉન્ડ કામદારો અને આતંકવાદીઓને ટેકો આપતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ખતમ કરવા માટે પણ કામ કરી રહી છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર જમ્મુમાં ઘૂસણખોરી કરનારા આતંકવાદીઓ ઉચ્ચ સ્તરીય તાલીમ લઈને આવ્યા છે. તેમની પાસે આધુનિક શસ્ત્રો અને સાધનો છે. સેના આ આતંકવાદીઓને શોધવા અને ખતમ કરવાની રણનીતિ પર કામ કરી રહી છે.

## યુપી સરકારમાંથી પ્રથમ રાજીનામું પડયું

લખનૌ તા.૨૦ યુપી ભાજપ સરકારમાંથી આજે પ્રથમ રાજીનામું પડ્યું છે. સોનમ કિન્નરે અખિલેશના સમાજવાદી પાર્ટીને છોડી ભાજપમાં જોડાઈ હતી. ઉત્તર પ્રદેશમાં રાજકીય તોફાન અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. શુક્રવારે રાજ્ય મંત્રી (સ્થિતિ) સોનમ કિન્નરે પણ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. જો કે તેમનું રાજીનામું હજુ સુધી સરકારે સ્વીકાર્યું નથી. સોનમ કિન્નર હંમેશા નોકરશાહી વિરુદ્ધ અવાજ ઉઠાવતી રહી છે. સોનમ શરૂઆતથી જ યોગી સરકારના બુલડોઝિંગ એક્શન સામે અવાજ ઉઠાવી રહી છે.

# ૨૦૭૫ સુધીમાં ભારત વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે : વડાપ્રધાન મોદી



નવી દિલ્હી, તા.૨૦ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે દેશ આર્થિક પ્રગતિ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ સાથે ઝડપથી આગળ વધી રહ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે દેશ ૨૦૭૫ સુધીમાં અમેરિકાને પાછળ છોડીને વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. છેલ્લા ૩-૪ વર્ષમાં ૮ કરોડ નોકરીઓનું સર્જન થયું છે. વડાપ્રધાન મોદીએ નમો એપ પર ભારતની સિદ્ધિઓ શેર કરી. પીએમ મોદીએ કહ્યું કે દિલ્હીમાં રાયસીના હિલ પર બની રહેલા મ્યુઝિયમનું કદ પેરિસના લૂવર મ્યુઝિયમ કરતા બમણું હશે. તે વર્ષ ૨૦૨૫ સુધીમાં તૈયાર થઈ જશે. આ સિવાય દેશનું ફૂડ માર્કેટ ઝડપથી વધી રહ્યું છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં તે રૂ. ૫.૫ લાખ કરોડથી વધીને રૂ. ૯ લાખ કરોડ થવાની ધારણા છે.

પીએમ મોદીએ સન મિશનની સફળતા વિશે પણ માહિતી આપી હતી કે ભારતના સૂર્ય મિશન આદિત્ય-એલ૧ એ સૂર્ય-પૃથ્વી L1 બિંદુની આસપાસ તેની પ્રથમ કોરોનલ ભ્રમણકક્ષા પૂર્ણ કરી હતી. આ ઉપરાંત મુંબઈમાં ૧૨ કિલોમીટર લાંબી થાણે-બોરીવલી ટ્વીન ટનલનું ઉદઘાટન કરવામાં આવ્યું હોવાની પણ માહિતી આપવામાં આવી હતી. દેશ આર્થિક મોરચે ઝડપથી આગળ વધી રહ્યો છે. ભારતની અર્થવ્યવસ્થા ઝડપથી વધી રહી છે. એવો અંદાજ છે કે વર્ષ ૨૦૭૫ સુધીમાં ભારત અમેરિકાને પાછળ છોડીને વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.

# બાંગ્લાદેશમાં અનામત વિરોધી વ્યાપક હિંસા -૧૦૫ લોકોના મોત : સમગ્ર દેશમાં કર્ફયુ : સૈન્યને હવાલે કરાયું

ઢાકા તા.૨૦ બાંગ્લાદેશમાં સરકારી નોકરીઓમાં અનામત માટેના વિરોધપ્રદર્શનમાં હિંસા ફેલાયાં બાદ દેશભરમાં કર્ફ્યૂ લાદવામાં આવ્યો છે. સત્તાધારી અવામી લીગ પાર્ટીના જનરલ સેક્રેટરી ઓબેદુલ કાદરે ગત રાત્રે તેની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે હિંસા પર કાબૂ મેળવવા માટે સેના તહેનાત કરાઈ છે.

શુક્રવારે દિવસ દરમિયાન પોલીસ અને સુરક્ષા કર્મચારીઓએ પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કર્યા પછી વડાપ્રધાન શેખ હસીનાની સરકાર દ્વારા કર્ફ્યૂની જાહેરાત કરવામાં આવી હતી. મીડિયા રિપોર્ટ્સ કહે છે કે ઘણા લોકો માર્યા ગયા છે. સરકારે રાજધાની ઢાકામાં કોઈપણ પ્રકારના મેળાવડા પર પણ પ્રતિબંધ મૂક્યો છે.

એએફપીના અહેવાલો અનુસાર, શુક્રવારે વિદ્યાર્થી પ્રદર્શનકારીઓએ નરસિંગડી જિલ્લામાં એક જેલમાં હુમલો કર્યો. સેંકડો કેદીઓને જેલમાંથી મુક્ત કપાવ્યા પછી તેમણે સ્થળને આગ લગાવી દીધી. આ પહેલાં ગુરુવારે સેંકડો પ્રદર્શનકારીઓ BTV ઓફિસના કેમ્પસમાં ઘૂસી ગયા હતા અને ૬૦થી વધુ વાહનોને સળગાવી દીધાં હતાં.

## સમગ્ર વિશ્વમાં વ્યવહારો થંભાવી દેનાર માઈક્રોસોફટની ખામી ૧૭ કલાકે દુર થઈ

નવી દિલ્હી તા.૨૦ વિશ્વની ટોચની ટેકનોલોજી કંપની માઈક્રોસોફટના સર્વરમાં સર્જાયેલી ખામીથી સમગ્ર વિશ્વ થંભી ગયાના ઘાટ ઘડાયા બાદ છેવટે ૧૭ કલાકની મહેનત બાદ રાત્રે સમસ્યાનો ઉકેલ આવ્યો હતો. માઈક્રોસોફ્ટ દ્વારા એવુ જાહેર કરવામાં આવ્યુ છે કે, ૧૭ કલાકે ખામી દુર કરી લેવામાં આવી છે.

ટેકનોલોજી કંપનીની સિસ્ટમમાં ખામીને પગલે દુનિયાભરમાં તીવ્ર પ્રત્યાઘાતો સર્જાયા હતા. ફલાઈટથી માંડીને રેલવે અને બેંકીંગથી માંડીને મોલ સુધીની સેવાઓ પ્રભાવીત થઈ હતી. ભારત પણ અમેરીકા,બ્રિટન, જર્મની, સ્પેન, સિંગાપોર, હોંગકોંગ, જેવા દેશોમાં અસર વધુ તીવ્ર હતી. આ ટેકનીકલ સમસ્યાને કારણે સમગ્ર દુનિયામાં ૩૩૧૩૯ ઉડ્ડયનો પ્રભાવીત થયા હતા અને ૩૭૫૦ ફલાઈટ રદ થઈ હતી.

# જમ્મુ કાશ્મીરમાં આવેલા વિશ્વના સૌથી ઉંચા બ્રિજ પરથી ૧૫ ઓગષ્ટથી ટ્રેન દોડશે

શ્રીનગર તા.૨૦ : જમ્મુ કાશ્મીરમાં આવેલા વિશ્વના સૌથી ઉંચા ચેનાબ રેલ્વે બ્રિજ પર ટ્રેન દોડતી જોવાની લાંબી પ્રતીક્ષા પૂરી થઈ હોય તેમ લાગી રહ્યું છે. ભારતીય રેલવે ૧૫ ઓગસ્ટથી રિયાસી અને સાંગલદાન વચ્ચે નિયમિત ટ્રેન સેવા શરૂ કરી શકે છે. કાશ્મીર રેલ લિંક પ્રોજેક્ટના ભાગરૂપે આ સેવા શરૂ કરવાથી મુસાફરો જમ્મુના રિયાસીથી કાશ્મીરના બારામુલા સુધી મુસાફરી કરી શકશે.



રિયાસી-સંગલદાન વચ્ચેના ૪૬ કિમી લાંબા રેલ રૂટની શરૂઆત સાથે, ૨૭૨ કિમીના ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક પ્રોજેક્ટનું કુલ ૨૫૫ કિમીનું કામ પૂર્ણ થશે અને કટરા અને રિયાસી વચ્ચે માત્ર ૧૭ કિમીનું કામ બાકી રહેશે. ગયા મહિને જ, રેલ્વેએ ચેનાબ બ્રિજ વાયા સંગલદાનથી રિયાસી વચ્ચે ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ૮ કોચની મેમુ ટ્રેનની ટ્રાયલ રન સફળતાપૂર્વક હાથ ધરી હતી.

ચેનાબ રેલ્વે બ્રિજ ચેનાબ નદીની ઉપર લગભગ ૩૫૯ મીટર (૧૧૭૮ ફૂટ) છે. તે એફિલ ટાવર કરતાં લગભગ ૩૫ મીટર ઊંચો છે. ૧,૩૧૫ મીટર (૪,૩૧૪ ફૂટ) લાંબો પુલ બોર્ડર પ્રોજેક્ટનો એક ભાગ છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય કાશ્મીર ખીણમાં ભારતીય રેલ્વેની પહોંચ વધારવાનો છે.

# જાપાનમાં કોરોનાની નવી લહેર : હોસ્પિટલો ફુલ

નવી દિલ્હી, તા.૨૦: કોરોનાએ આખી દુનિયામાં સર્જેલી ભયાનકતા કોને યાદ નથી ભલે લોકોના મનમાંથી કોરોનાનો ડર દૂર થઈ ગયો હોય, પણ કોવિડ-૧૯ પોતાની હાજરીથી લોકોને ડરાવવા વારંવાર ફરીને આવે છે. જાપાનમાં ફરી એકવાર કોરોનાના વધતા કેસોએ લોકોને ફરી ડરાવી દીધા છે. આરોગ્ય નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે જાપાન એક નવા અને અત્યંત ચેપી કોરોનાવાયરસ પ્રકાર સામે લડી રહ્યું છે. જે દેશમાં કોવિડ-૧૯ ચેપની ૧૧મી લહેરને વેગ આપી રહ્યું છે.

જાપાન ચેપી રોગ એસોસિએશનના પ્રમુખ કાઝુહિરો ટેટેડાના જણાવ્યા અનુસાર, KP.3 પ્રકાર જાપાનમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. તે લોકોમાં પણ જેમને રસી આપવામાં આવી છે અથવા અગાઉના ચેપમાંથી સ્વસ્થ થયા છે. કમનસીબે, વાયરસ જ્યારે પણ બદલાય છે ત્યારે તે વધુ ખતરનાક અને વધુ પ્રતિરોધક બને છે, ટાટેડાએ આ અઠવાડિયે એશિયામાં જણાવ્યું. લોકો રસીકરણ પછી ખૂબ જ ઝડપથી તેમની રોગપ્રતિકારક શક્તિ ગુમાવે છે, તેથી તેમની પાસે વાયરસ સામે ઓછો અથવા કોઈ પ્રતિકાર નથી.

# યુપીએસસીના ચેરમેન મનોજ સોનીએ રાજીનામુ આપી દીધું

નવીદિલ્હી,તા.૨૦ યુનિયન પબ્લિક સર્વિસ કમીશન (UPSC) ના અધ્યક્ષ મનોજ સોનીએ તેમનો કાર્યકાળ પૂરો થાય એ પહેલા જ રાજીનામું દેતાં અનેક તર્કવિતર્ક થવા લાગ્યા છે. મનોજ સોનીએ પદ છોડતાં કહ્યું હતું કે હું મારા અંગત કારણોસર આ પદ છોડી રહ્યો છું.

ઉલ્લેખનીય છે કે, મનોજ સોનીનો કાર્યકાળ હજુ પાંચ વર્ષ બાકી હતો. ૨૦૧૭માં તેઓ યુપીએસસીના સભ્ય બન્યા હતા અને ૧૬ મે ૨૦૨૩ના રોજ તેમને યુપીએસસીનું અધ્યક્ષ પદ સોંપાયું હતું.

સૂત્રો અનુસાર મનોજ સોનીએ લગભગ એક મહિના અગાઉ જ રાષ્ટ્રપતિને રાજીનામું સોંપી દીધું હતું. જોકે એ સ્પષ્ટ નથી કે તેમનું રાજીનામું સ્વીકારાશે કે નહીં. સૂત્રોએ પુષ્ટી કરી હતી કે તેમનો નિર્ણય યુપીએસી ઉમેદવારો નોકરી મેળવવા માટે ફેક પ્રમાણપત્રનો ઉપયોગ કરવા સંબંધિત તાજેતરના વિવાદ સાથે સંકળાયેલો નથી.


જૂન ૨૦૧૭માં યુપીએસસીમાં સામેલ થતા પહેલા મનોજ સોનીએ તેમના ગૃહ રાજ્ય ગુજરાતમાં બે યુનિવર્સિટીઓમાં ત્રણ કાર્યકાળ માટે કુલપતિ તરીકે ફરજ બજાવી હતી. તેમને ૨૦૦૫માં તત્કાલીન મુખ્યમંત્રી મોદી દ્વારા વડોદરાની એમએસ યુનિવર્સિટીના કુલપતિ બનાવવામાં આવ્યા છે.

**પ્લોટ વેચવાના છે**
RSP No.77. ચોબારી
વૃજભુષન-૧,
પ્લોટ નં.૧૧,૧૨,૧૩ કુલ ચો.મી. ૩૩૬
મો. ૯૯૯૮૯ ૮૭૦૧૦
સાઈટ જોવા માટે મો. નં. ૯૯૦૯૬ ૯૧033
રવિવારે ૯ થી ૧૦ સુધીમાં

**અમરેલીમાં પ્રવેશ માટે ઉત્તમ તક**
● A.N.M. ● G.N.M.
● B.Sc. ● M.Sc. (N)
● P.B.B. Sc. (N)
● SC, ST કેટેગરીના વિદ્યાર્થીઓને એજ્યુકેશન ફી અને યુનિવર્સીટી કોર્ષમાં હોસ્ટેલ સાથે સંપૂર્ણ ફી....
● બહેનો તથા ભાઈઓ માટે અલગ-અલગ હોસ્ટેલ સુવિધા.
૧૦૦% ઉજ્જવળ કારકિર્દીની તક
સંપર્ક : ૯૮૭૫૨ ૨૨૬૫૮ / ૯૩૧૬૫ ૬૦૬૨૮

**ડૉ. દિપેન જે. સુબા**
[M.P.T., MIAP, D.Y.T., D(Ac), C.D.N., C.M.S. & ED], Fellowship in Arthritis & Musculoskeletal Pain (USA)
ભારત અને અમેરીકામાં અભ્યાસ પછી વિવિધ હોસ્પીટલનો અનુભવ મેળવી કલીનીકલ પ્રેક્ટીસમાં કાર્યરત
Disable to Able...
॥ આદિત્ય ॥ કલીનીક





ચોમાસામાં થતા સાંધા, વા, કમર તેમજ સ્નાયુના દુ:ખાવાથી પરેશાન ?
આપની સમસ્યાનું સમાધાન છે અમારી પાસે..
ઓર્થોપેડીક દુ:ખાવા, સાંધાનાં વા + સ્નાયુ/માસપેશીના દર્દો, કમર/ગરદન, હાથ/પગ, ગોઠણ/ખંભા, રગ/નસ, મણકા/ગાદી માટે સચોટ સારવાર.
: સમય : સવારે ૧૦ થી સાંજે ૮
પરબનો ઉતારો, ગ્રાઉન્ડ ફ્લોર, પોલીસ લાઇન સામે, જયશ્રી ફાટક પાસે, જુનાગઢ. Ph. : 0285-2621555 M. 94294 55525

ડોકટરનાં લેબોરેટરીમાં પહેરી શકાય તેવા
કોટ રૂા.૧૦૦/- માં...
દરેક સ્કુલ યુનિફોર્મના
પેન્ટ માત્ર રૂા.૧૦૦/-
શર્ટ માત્ર રૂા.૧૦૦/-
કોટી માત્ર રૂા.૧૦૦/-
સ્કુલ યુનિફોર્મના કુર્તા અને પેટીકોટ
રૂા.૨૦/- માં પાણીના ભાવે મળશે
તેમજ અન્ય કાપડમાં ૫૦% વળતર મળશે
**બોમ્બે બજાર**
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો






તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ 23023
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



# ખંભાળિયામાં ભયાવહ આકાશી વીજળીથી વ્યાપક નુકશાની : લોકો ભયભીત

## આકાશી વિજળીએ પશુઓના ભોગ લીધા : મંદિર ઉપર વીજળી ત્રાટકી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે દિવસથી મેઘરાજાનો સજ્જડ મુકામ રહ્યો હતો. જેમાં મહત્વની અને ઐતિહાસિક બાબતો એ છે કે ખંભાળિયા પંથક તેમજ નજીકના ભાણવડ વિસ્તારમાં ગુરૂવારે રાત્રે સતત દોઢથી બે કલાક સુધી ભયાવહ વીજળીના ગગડાટ અને ચમકારાથી સર્વત્ર ભયનો માહોલ પ્રસરી જવા પામ્યો હતો. જોરદાર વીજળીના પગલે લાંબો સમય વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. ખંભાળિયા તથા ભાણવડ વિસ્તારમાં ગુરૂવારે રાત્રે આશરે ૧૨ વાગ્યે વીજળીના જોરદાર કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો. સતત બે કલાક જેટલા સમયગાળા દરમ્યાન થયા ભયાવહ આકાશી વીજના કડાકા-ભડાકાથી લોકો ભયભીત બન્યા હતા.

અનેક સ્થળોએ વીજળી પડવાના બનાવ બન્યા હતા. વીજળી સાથે વરસાદના કારણે સાવચેતીના પગલાં રૂપે ખંભાળિયાનો વીજપુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. તેમ છતાં પણ વીજળીના ચમકારાથી ધોળો દિવસ હોય તેવો પ્રકાશ જોવા મળતો હતો. શહેરના વયોવૃદ્ધ વડીલોએ આ અંગે જણાવ્યું છે કે છેલ્લી અડધી સદીમાં આ પ્રકારની ભયાનક વીજળી થઈ નથી. એક થી દોઢ કલાક સુધી વીજળીના ચમકારા તો વર્ષ ૨૦૧૪માં અહીં જ્યારે ગાજવીજ સાથે કુલ ૧૧૯ ઈંચ રેકોર્ડરૂપ વરસાદ પડ્યો હતો ત્યારે પણ થયા ન હતા. આ વીજળીથી અબાલ-વૃદ્ધ સૌ કોઈ ભયભીત બની ગયા હતા અને પ્રભુ પ્રાર્થના કરવા લાગ્યા હતા. આ આકાશી વીજળી અને ગડગડાટના અહીંના વિડિયો સમગ્ર રાજ્યમાં સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ગયા હતા. ખંભાળિયાના ઘી ડેમ વિસ્તારના ટ્રાન્સફોર્મર ઉપર વીજળી પડતા પાણી વિતરણ વ્યવસ્થા પ્રભાવિત થઈ હતી. વીજળીના કારણે પંખા, એ.સી., ઈનવર્ટર વીગેરે ઉપકરણો ક્ષતિગ્રસ્ત બન્યા હતાં. અહીંના જોધપુર ગેઈટ વિસ્તારમાં રોકડિયા હનુમાન મંદિર નજીક ગતરાત્રે થાંભલામાંથી વીજશોક લાગતા એક ગાયનું તેમજ આ જ સ્થળે ગઈકાલે શુક્રવારે પણ એક ગાયનો વીજ કરંટએ ભોગ લીધો હતો. ભાણવડમાં પણ એક ભેંસ પર વીજળી પડતાં મોત નીપજ્યાનું પણ જાણવા મળ્યું છે. ખંભાળિયા શહેરમાં ૬૬ કે.વી. સબ સ્ટેશન ઉપર વીજળી પડતા મોટું નુકસાન થયું હતું. અનેક ગામોનો વીજ પુરવઠો બંધ થયો હતો. અત્રે દ્વારકા રોડ ઉપર આવેલા ખોડીયાર માતાજીના મંદિરની ટોચ ઉપરથી છેક નીચે સુધી વીજળી પડતા મંદિરનો અડધો ભાગ તૂટી ગયો હતો.

# ઊના પોલીસે રૂા.૨,૧૦,૫૧૫ની કીમતીના મોબાઈલ ફોન નંગ-૧૧ શોધી મૂળ માલિકોને પરત આપી તેરા તુજકો અર્પણ કરી સુંદર કામગીરી કરી

(પ્રતિનિધિ દ્વારા)


ઊના તા.૨૦

ઊના પોલીસ સ્ટેશનમાં કીમતી મોબાઈલ ફોન પડી ગયા અને ખોવાઈ ગયા અને ગુમ થઈ ગયાની લેખિતમાં અરજીઓ આવી હતી. ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન રાણાએ ખાસ અંગત રસ લઈ ટાઉન પી. એસ. આઈ. જેબલિયા, એ.એસ.આઈ.



જગદીશભાઈ એલ. વાઘેલા, પો. હેડ કોન્સ્ટેબલ જગદીશભાઈ રામભાઈ બાંભણિયા, પો.કો. સુનીલભાઈ કેશવભાઈ બાંભણિયા, નાયબ પોલીસ અધિક્ષકની કચેરીના પો.કો. દર્શિતભાઈ ભાણાભાઈ પરમાર સયુંકત રીતે આધુનિક ટેકનોલોજીની મદદથી ઈ.એમ.આઈ. નંબર ટ્રેશ કરી ખોવાયેલા મોબાઈલનું લોકેશન મેળવી કુલ ૧૧ કીમતી એન્ડ્રોઈડ સ્માર્ટ ફોન જુદી જુદી કંપનીના રૂપિયા બે લાખ દસ હજાર પાનસો અગિયાર રૂપિયાની કિંમતના શોધી મૂળ માલિકોની ખરાઈ કરી અને પોલીસ સ્ટેશન બોલાવી તેરા તુજકો અર્પણ કરી પરત કરી સુંદર કામગીરી કરી હતી. લોકોએ પોલીસની કામગીરી બિરદાવી આભાર માનેલ હતો.

# આવતીકાલે ગુરૂપૂર્ણિમા




ગુરૂપૂર્ણિમા અષાઢ સુદ પૂનમના દિવસે હોય છે. આમ જોઈએ તો ગુરૂ શબ્દ તે સંસ્કૃત ભાષાનો શબ્દ છે. ગુરૂ એટલે આપણા અજ્ઞાની રૂપને એક જ્ઞાનનું રૂપ આપી આપણી અંદર તે જ્ઞાનનો પ્રકાશ ફેલાવી આપણે પ્રગતિના પંથે લઈ જાય છે. આમ ગુરૂપૂર્ણિમા હિન્દુ ,બૌદ્ધ અને જૈન ધર્મમાં મનાવવામાં આવે છે. આ દિવસે શિષ્યો તેમના ગુરૂની પૂજા કરે છે, તેમના આશીર્વાદ લે છે અને હંમેશા સફળ થાય તેવી ભગવાનને અને ગુરૂ પાસે પ્રાર્થના કરે છે. મહાભારતના રચયિતા મહર્ષિ વેદ વ્યાસજીનો જન્મ પણ આ દિવસે થયો હતો. તેટલા માટે આ ગુરૂપૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમાના નામથી પણ ઓળખવામાં આવે છે. આપણી હિન્દુ સંસ્કૃતિમાં જે રીતે આપણે આપણા જીવન માં માતા-પિતા અને આપણા વડીલોનું આપણે જે ઊંચું સ્થાન ધરાવીએ છીએ તે જ રીતે આપણે આપણા જીવનમાં આપણા ગુરૂનું પણ ઊંચું સ્થાન ધરાવીએ છીએ. માતા-પિતા તે પણ આપણા જીવનના ગુરૂ છે અને તેમની સાથે આપણા ગુરૂ પણ આપણા ઘડતરનો એક મહત્વનો ભાગ ભજવે છે તેટલા માટે જ આપણે આપણા ગુરૂને પણ આપણા ભગવાન માનીએ છીએ. એક ગુરૂ ક્યારેય તેના શિષ્યમાં ભેદભાવ કરતા નથી. એવું માનવામાં આવે છે કે ભગવાન શંકર ગુરૂપૂર્ણિમાના દિવસે સપ્ત ઋષિને યોગ શીખવાડે છે. ગુરૂનો ઋણ આપણે ચૂકવવો તેનો અવસર એટલે ગુરૂપૂર્ણિમા એવું માનવામાં આવે છે. આમ જોઈએ તો આપણા વિશ્વમાં માતા-પિતા પછીનો દરજ્જો આપણે ગુરૂને જ આપીએ છીએ. પ્રથમ આપણા ઈશ્વર એટલે માતા-પિતા અને દ્વિતીય ઈશ્વર તરીકે જોઈએ તો તે આપણા ગુરૂ છે. ગુરૂ બાળકના જીવન ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે આમ સાચો અર્થ જોવા જઈએ તો ગુરૂપૂર્ણિમા એટલે ગુરૂ અને શિષ્ય વચ્ચેનો એક પવિત્ર સંબંધ માનવામાં આવે છે. તેથી જ તેમને ગુરૂપૂર્ણિમાના નામથી ઉજવવામાં આવે છે. જીવનમાં પ્રથમ ઈશ્વર માતા-પિતા અને દ્વિતીય ઈશ્વર ગુરૂ હોય છે. અજ્ઞાનીને જ્ઞાન આપનાર આપણા, અવગુણોને દૂર કરનાર એ માત્ર એક ગુરૂ હોય છે. અંધકારોને દૂર કરી અને આપણું જીવન પ્રકાશિત કરનાર એ ગુરૂ હોય છે. જ્ઞાન અને ભણતરની કિંમત એક ગુરૂ જ કહી શકે છે, તે કેળવણી આપવાનું કામ એક ગુરૂ જ કરી શકે છે. એક વિષયમાં નિપુણ થવું એ કોઈ પણ શીખવી શકે છે પરંતુ દરેક વિષયમાં નિપુણ થવું તે એક ગુરૂ જ શીખવી શકે છે. આપણી એક ભૂલને સો વખત તે આપણે ગણાવે છે પરંતુ આપણે આગળ જીવનમાં એક ભૂલ પણ ન કરીએ તે માટે ગુરૂ આપણે શીખવે છે. જીવન કેમ જીવવું કે સૌ કોઈ શીખવે છે પરંતુ જીવનમાં આપણે આપણી રીતે આપણું જીવન કઈ રીતે જીવવું તે એક ગુરૂ જ શીખવી શકે છે. એક માતા પિતા પછી એકમાત્ર ગુરૂ જ એવી વ્યક્તિ હોય છે કે જે તેવી ઈચ્છા રાખે છે કે, મારૂ શિષ્ય હંમેશા પ્રગતિ કરે અને અમારાથી પણ તે ઊંચો દરજ્જો મેળવે. જીવનનું વરદાન માતા પિતા આપે છે અને તેને કઈ રીતે જીવવું તે એક ગુરૂ જ શીખવી શકે છે.

- જાગૃતિ પી. ટુકડીયા "સ્નેહ"

## દ્વારકા પવિત્ર ગોમતીઘાટ ઉપર નગરપાલિકા દ્વારા નવા ચેન્જીંગ રૂમની વ્યવસ્થા કરવામાં આવશે



### હરિદ્વાર ગંગાઘાટ ઉપર આવેલ એવા સ્ટીલના ૩૭ લાખ રૂપિયાના ખર્ચે આઠ ચેન્જીંગ રૂમની વ્યવસ્થા નગરપાલીકાએ કરી

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૦

યાત્રાધામ દ્વારકામાં આવેલ પવિત્ર ગોમતી નદિના ઘાટ ઉપર નવા ચેન્જીંગ રૂમ નગરપાલિકા દ્વારા મુકવામાં આવનાર છે. યાત્રાધામ દ્વારકામાં દરરોજ હજારો યાત્રિકો ભગવાન શ્રીદ્વારકાધીશજીના દર્શનાથે આવતા હોય છે. મોટા ભાગના યાત્રિકો દ્વારકાની પવિત્ર ગોમતી નદિમાં સ્નાન કરતા હોય છે. જે ગોમતી સ્નાન કર્યા બાદ ઘાટ ઉપર લાંબા વર્ષોથી ચેન્જીંગ રૂમની વ્યવસ્થા ન હોવાની અવાર નવાર ફરિયાદો ઉઠી હતી. હરિદ્વારમાં ગંગાઘાટ ઉપર મૂકવામાં આવેલ ચેન્જ રૂમ જેવા જ સ્ટીલના ચેન્જીંગ રૂમ ગોમતી ઘાટ ઉપર નગર પાલીકા દ્વારા મુકવામાં આવશે જે ચેન્જીંગ રૂમ બની દ્વારકા આવી પહોચ્યા છે. ટુક સમયમાં જુના ગોમતીઘાટ ઉપર ત્રણ તેમજ નવા ગોમતીઘાટ ઉપર પાંચ કુલ મળી આઠ ચેન્જીંગ રૂમ મહિલાઓ તેમજ પુરૂષો માટે અંદાજિત ૩૭ લાખ રૂપિયાના ખર્ચે ચેન્જીંગ રૂમની વ્યવસ્થા નગરપાલીકા દ્વારા કરવામાં આવી છે.

## ખંભાળિયાના સલાયા દરિયાઈ વિસ્તારમાં પોલીસ દ્વારા રેસ્ક્યુ પ્રવૃત્તિ

### ભારે વરસાદના પગલે પોલીસ તંત્રની નોંધપાત્ર જહેમત



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

ખંભાળિયા શહેર નજીક આવેલા સલાયા મરીન પોલીસ મથક વિસ્તારમાં આવેલા જુદા જુદા સ્થળોએ છેલ્લા બે દિવસના ભારે વરસાદની પરિસ્થિતિમાં સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા નોંધપાત્ર પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં સલાયા મરીન પી.આઈ. વી.એન. સીંગરખીયા દ્વારા સલાયા આસપાસના ગોઈંજ વિગેરે સ્થળોએ ભરાયેલા પાણી તેમજ કોઝવેના સ્થળોએ સ્ટાફ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આટલું જ નહીં, પાણીમાં ફસાયેલા લોકોને સફળતાપૂર્વક બહાર કાઢવા તેમજ લોકોને સલામત સ્થળે પહોંચાડવાની આવકારદાયક કામગીરી કરી હતી. છેલ્લા બે દિવસ દરમિયાન સતત અને અવિરત રીતે પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલી આ કામગીરી સરાહનીય બની રહી છે.

## ખંભાળિયામાં વ્રતના તહેવારોને અનુલક્ષીને પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવા માંગ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

ખંભાળિયામાં હિન્દુ બહેનો અને દીકરીઓ વ્રત જાગરણ જેવા કે મોરાકત, જયા પાર્વતી, દિવાસો, ફૂલકાજળી અને દશામાંના વ્રત-જાગરણના હાલ પાવન દિવસોમાં અહીંની શ્રી મહાપ્રભુજી બેઠક, લક્ષ્મીનારાયણ મંદિર, રામ મંદિર, કલ્યાણરાયજી મંદિર સહિતના ધર્મસ્થળોએ બહેનો મોટી સંખ્યામાં દર્શન કરવા જતા હોય છે. આ ઉપરાંત અહીંના નગર પાલિકા ગાર્ડન ખાતે પણ બહેનો ફરવા જતા હોય છે. ત્યારે આ સ્થળોએ છેલ બટાઉ છોકરાઓ રોડ પર બાઈકો રાખી અડિંગો જમાવતા હોય છે તેમજ ધૂમ સ્ટાઈલથી બાઈકો ચલાવીને હોર્ન વગાડતા હોય છે. જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને બહેનો પરિવાર સાથે ફરવા જઈ શકે તે માટે પૂરતો પોલીસ બંદોબસ્ત જળવાય અને મુખ્ય રોડ ઉપર પેટ્રોલિંગ કરવામાં આવે તે માટે અહીંના પોલીસ ઈન્સ.ને અહીંના શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર દ્વારા લેખીત રજુઆત કરવામાં આવી છે.

## ખંભાળિયામાં સોમવારથી એક માસ સુધી દ્વારકાધીશ હવેલીમાં હિંડોળાના દર્શન



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

ખંભાળિયામાં ન્યુ રામનાથ સોસાયટી ખાતે આવેલી શ્રી દ્વારકાધીશજીની હવેલી ખાતે આગામી સોમવાર તારીખ ૨૨ જુલાઈથી તારીખ ૨૨ ઓગસ્ટ સુધી હિંડોળાના દર્શન થશે. દરરોજ સાંજે ૭ થી આઠ વાગ્યા સુધી આ દર્શનનો લાભ લેવા વૈષ્ણવોને હવેલીના મુખ્યાજી દ્વારા અપીલ કરવામાં આવી છે.

## ઉનાના રામનગર ખારા વિસ્તારમાં પડેલ ખાડાઓ રીપેર કરાવતા ધારાસભ્ય



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૨૦

ઉના શહેરના રામનગર ખારા તરફ આવેલ રેલવે નાળા નીચેથી પસાર થતા રસ્તા ઉપર ખાડા પડી ગયેલ હોય અને વરસાદના કારણે આ ખાડામાં પાણી ભરાતાં ત્યાથી પસાર થતા લોકોને ભારે હાલાકી પડતી હતી. જે અંગેની જાણ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડને જાણ થતા તાત્કાલિક સ્થળે પહોંચી અને નગરપાલિકાના કર્મચારી સ્ટાફને સાથે રાખી ટ્રેક્ટર દ્વારા પથ્થરો મંગાવી યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેથી રામનગર ખારા વિસ્તારનાં લોકોને તેમજ આજુબાજુના વિસ્તારના લોકોને અને વાહન ચાલકોને થતી મુશ્કેલી દૂર કરવામાં આવી હતી.



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ

વિજય ઘી ડીપો

(વાર-તહેવાર નિમિત્તે શુધ્ધ ઘી વાપરવાનો આગ્રહ રાખો)

ભેંસનું તેમજ ગાયનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ તાજુ ઘી ગેરંટીવાળુ મળશે

વિજય ઘી ડીપો

ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

દિપક ફટાકડા સેન્ટર

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.

ફોનઃ ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !

અમારે ત્યાંથી

● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો

● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ

● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ

● સેવપુરી ● લસણીયા બટેટા

તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે

:: ખાસ નોંધ ::

લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

જલારામ પાણીપુરી

પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.

જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ

નારાયણ બેકરી

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

વંદના બેકરી

તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ

મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

દરેક ધંધાને ઉપયોગી શોરૂમ લાયક દુકાન વેંચવાની છે

પંચહાટડી-માંગનાથ રોડ ઉપર ફસ્ટ ફલોર, રોડ સાઈડ (મોરો ૩૦ ફુટ) ૧૦૦૦ સ્કેવર ફુટ દુકાન જવેલરી, રેડીમેડ, સાડી તથા દરેક ધંધાને ઉપયોગી શોરૂમ લાયક દુકાન વેંચવાની છે

મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

જલજીલ આઈસ્ક્રીમ

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા

ક્રીમ લચ્છી સન્ડે આઈસ્ક્રીમ ક્રિમ મિલ્ક સેઈક

શિખંડ - બાસુંદી - દહીંવડા

કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

### રાજ્યના સહકાર મંત્રીના અધ્યક્ષસ્થાને સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવા

# જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર જીલ્લાના અને કોડીનારના સહકારી આગેવાનો સાથે વર્ચ્યુઅલી સમીક્ષા બેઠક યોજાઈ

**દરેક ગામને સહકારી સંસ્થાઓની સેવા હેઠળ આવરી લેવાશે : ગ્રામીણ કક્ષાએ સહકારી સંસ્થાઓના માધ્યમથી નાણાકીય વ્યવહારો વધુ સુગમ બનાવવામાં આવશે : સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા**






જૂનાગઢ, તા.૨૦

રાજ્યના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર જિલ્લાના અને કોડીનારના સહકારી આગેવાનો સાથે સહકારી ક્ષેત્રનો વ્યાપ વધે અને સહકારી સહકારી સંસ્થાઓ વચ્ચે સંકલનથી ખાસ કરીને ગ્રામીણ અર્થવ્યવસ્થા મજબૂત બને અને ખેડૂતો-પશુપાલકો સમૃદ્ધિ તરફ આગળ વધે તે માટે દિશાસૂચક માર્ગદર્શન આપતા સહકારી સંસ્થાઓનો નાણાકીય વ્યવહાર સહકારી બેંકના માધ્યમથી થાય તેમ જરુરી ગણાવ્યું હતું.

સહકારથી સમૃદ્ધિની નેમને સાર્થક કરવા મંત્રી જગદીશ વિશ્વકર્માએ આ સમીક્ષા બેઠકમાં વર્ચ્યુઅલી સંબોધન કરતા જણાવ્યું કે, રાજ્યમાં સહકાર ક્ષેત્ર મજબૂત બને અને તેના દ્વારા લોકોની સમૃદ્ધિનો માર્ગ પ્રશસ્ત બને તે માટે દરેક ગામને પ્રાથમિક કૃષિ સેવા સહકારી મંડળી કે, અન્ય સહકારી સંસ્થાઓની સેવા હેઠળ આવરી લેવામાં આવશે. આ સહકારી સંસ્થાઓના માધ્યમથી નાણાકીય વ્યવહારો માટે જરુરી સુવિધાઓ ઊભી કરવામાં આવશે. આમ, ગ્રામીણ કક્ષાએ સહકારી સંસ્થાઓના માધ્યમથી નાણાકીય વ્યવહારો વધુ સુગમ બનાવવામાં આવશે.

મંત્રીશ્રીએ, સહકારી ક્ષેત્રના મુખ્ય ૧૭ આયામોને ચરિતાર્થ કરવા માટે વિવિધ સહકારી સંસ્થાઓ વચ્ચે સાથ અને સંકલનને આર્થિક ઉત્થાન માટે જરુરી ગણાવતા કહ્યુ કે, સહકારી ક્ષેત્રની મદદથી વિવિધ ચીજવસ્તુઓના નિકાસ કરવા માટેનો ઓર્ડર પણ મળ્યો છે. આમ, સહકારી ક્ષેત્ર વિવિધ ક્ષેત્રમાં વિસ્તરી રહ્યું છે, જેનો લાભ ગામડાના ખેડૂતોને મળશે. ગામડાઓમાં યુવાઓને રોજગારી પણ મળશે. ઉપરાંત તેમણે કહ્યું કે, સહકારી બેંકોનું ખૂબ ઝડપથી આધુનિકીકરણ થઈ રહ્યું છે. સાથે જ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સહકારથી સમૃદ્ધિની નેમ સાર્થક કરવા અને ખેડૂતોને આર્થિક રીતે મજબૂત બનાવવાના સ્વપ્રને સાકાર કરવા માટે સહકારી ક્ષેત્રોના આગેવાનોને આહવાન કર્યું હતું. મેંદરડા માલણકા ખાતે આયોજિત આ બેઠકમાં, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંકના ચેરમેન અજય પટેલે પણ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી સહકારી સંસ્થાઓને પરસ્પર જોડાવા માટે સહકારી સંસ્થાઓના આગેવાનોને અનુરોધ કરતા જણાવ્યુ કે, દૂધ સહકારી મંડળીઓ, ખરીદ વેચાણ સંઘ, એપીએમસી વગેરે સહકારી સંસ્થાઓના સહયોગ અને સહકારી બેંક સાથે જોડાણ કરવાથી અને તમામ નાણાકીય વ્યવહારો જિલ્લા સહકારી બેંક સાથે કરવાથી સહકારી સંસ્થાઓને આર્થિક રીતે મજબૂતી મળશે અને તેનો સીધો લાભ ખેડૂતો પશુપાલકોને મળશે.

સહકાર સચિવ સંદીપ કુમારે જણાવ્યું કે, સહકારી બેંક સહિતની સહકારી સંસ્થાઓનું આધુનિકીકરણ થઈ રહ્યું છે તેમજ સહકારી સંસ્થાઓનું એક ડેટાબેઝ પોર્ટલ પણ બનાવવામાં આવ્યું છે. જે સહકારી સંસ્થાઓનો સહયોગ સાધવામાં ખૂબ ઉપયોગી બની રહેશે. તેમણે સહકાર ક્ષેત્રના નવીન આયામોથી અવગત કરાવતા કહ્યું કે, સહકારી સંસ્થાઓને જન સેવા કેન્દ્ર, પેટ્રોલ-ડીઝલ પંપ, એલપીજી ડિસ્ટ્રીબ્યરશીપ, ગ્રામીણ સ્તરે જેનેરિક દવાઓ મળી રહે તે માટે જન ઔષધિ કેન્દ્ર, ખાતર વિતરણ કેન્દ્ર વગેરે સહકારી સંસ્થાઓ દ્વારા શરુ કરવામાં આવશે. આમ, સહકારી ક્ષેત્રના માધ્યમથી જન-જનના કલ્યાણ અને વિકસિત ભારતના નિર્માણની નેમ સાકાર થશે.

આ બેઠકમાં જેડીસીસી બેંકના ચેરમેન કિરીટભાઈ પટેલે સહકારી ક્ષેત્રના આગેવાનોને આવકારતા જણાવ્યુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહની સહકારિતાથી સમૃદ્ધિની પરિકલ્પનાને સાકાર કરવા અને આ સહકારી ચળવળ ગુજરાત રાજ્ય અગ્રસર બને તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માના દિશાદર્શનમાં મજબૂતીથી આગળ વધી રહી છે, તેમાં જરૂરી સહયોગ કરવા સહકારી આગેવાનોને અનુરોધ કર્યો હતો. ઉપરાંત જૂનાગઢ જિલ્લા સહિતના વિસ્તારમાં સહકારી ક્ષેત્રને ઝડપથી આગળ ધપાવવા અને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ બેઠકમાં સહકારી ક્ષેત્રને વધુ મજબૂત અને વેગવાન બનાવવા માટે સહકારી ક્ષેત્રના અગ્રણીઓએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી વિચારોનું આદાન પ્રદાન કર્યું હતું. ગુજરાત રાજ્ય સહકારી બેંકના સીઈઓ પ્રદીપ વોરાએ આ સમીક્ષા બેઠકની પૂર્વ ભૂમિકા આપી હતી અને જરુરી માર્ગદર્શન કર્યું હતું. જેડીસીસી બેંકના ઈન્ચાર્જ સીઈઓ કલ્પેશ રૂપાપરાએ પીપીટીના માધ્યમથી જેડીસીસી બેંકની પ્રગતિની રૂપરેખા સાથે જરૂરી જાણકારીથી અવગત કરાવ્યા હતા. અંતમાં જેડીસીસી બેંકના વાઈસ ચેરમેન મનુભાઈ ખૂંટીએ આભાર વિધિ કરી હતી.

આ પ્રસંગે પૂર્વ મંત્રી અને ધારાસભ્ય દેવાભાઈ માલમ, ધારાસભ્ય સર્વ સંજયભાઈ કોરડીયા, પ્રદ્યુમ્ન વાજા, ખેતી બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચા, સુદામા ડેરીના ચેરમેન ભરતભાઈ ઓડોદરા, રાજ્યના જોઈન્ટ રજીસ્ટર ચેતન પરમાર, પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, વિડીયો કોન્ફરન્સના માધ્યમથી અમૂલ ફેડરેશનના શ્યામલ પટેલ, સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારીયા સહિતના સહકારી આગેવાનો અને એપીએમસીના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૫ લાખ મુદ્દલના રોજના રૂા.૧૫,૦૦૦ વ્યાજ : પઠાણી વ્યાજ વસૂલ કરવા સબબ બે શખ્સો જેલ હવાલે

**ભાણવડ પોલીસે અમદાવાદ અને રાપરના બે શખ્સોને દબોચી લીધા**



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

અમદાવાદના મૂળ રહીશ અને હાલ ભાણવડ ખાતે એક શૈક્ષણિક સંસ્થામાં રહીને ભોજન સંચાલક તરીકે કામ કરતા યુવાને થોડા મહિના અગાઉ અમદાવાદના એક શખ્સ પાસેથી લીધેલા ૧૫,૦૦,૦૦૦ નું લાખનું રોજનું રૂા.૨૦,૦૦૦ સુધી વ્યાજ ચૂકવ્યા પછી પણ ૩૦ લાખ રૂપિયાની માંગણી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપવા સબબ ભાણવડ પોલીસ મથકમાં નોંધાયેલા ગુનામાં પોલીસે મુખ્ય આરોપી એવા અમદાવાદના શખ્સ સાથે રાપર - કચ્છના યુવાનને પણ ઝડપી લઈ, અદાલતમાં રજૂ કર્યા બાદ જેલ હવાલે કરી દીધા છે. આ સમગ્ર પ્રકરણની સિલસિલા બંધ વિગત એવી છે કે અમદાવાદના પાલડીના મૂળ રહીશ અને ત્યાં ફુડ શોપ ધરાવતા મિલનભાઈ મહાદેવભાઈ સંઘવી નામના ૪૬ વર્ષના યુવાનને જાન્યુઆરી ૨૦૨૪ માસમાં પૈસાની જરૂર હોવાથી તેમના મિત્રએ અમદાવાદમાં સિંધુ ભવન રોડ ઉપર ધ ઓક્સો નામની કાપડની દુકાન ધરાવતા પ્રકાશ રાજપુત નામના શખ્સની ઓળખાણ કરાવી હતી. એકસપોર્ટના વ્યવસાય માટે મિલનભાઈએ પ્રકાશ રાજપુત પાસેથી રૂપિયા પાંચ લાખ વ્યાજ લીધા હતા. તેનું રોજનું રૂા.૫,૦૦૦ વ્યાજ તેઓ ચૂકવતા હતા. થોડા દિવસો બાદ તેમને વધુ જરૂર પડતા રૂા.ત્રણ લાખ વ્યાજે લીધા હતા. તેની સિક્યુરિટીમાં તેમણે આઈ.સી.આઈ.સી.આઈ. બેંકનો કોરો ચેક આપ્યો હતો. આમ, આઠ લાખ રૂપિયાનું રોજનું ૮,૦૦૦ વ્યાજ પ્રકાશ રાજપુતને ચૂકવવામાં આવતું હતું. ત્યાર બાદ રૂ. બે લાખ લઈ અને કુલ ૧૦ લાખનું રૂા.૧૦ હજાર વ્યાજ મિલનભાઈ ચૂકવતા હતા. આ પછી પણ તેમને નાણાની જરૂરિયાત હોવાથી પ્રકાશ રાજપૂત પાસે પાંચ લાખની માંગણી કરી હતી. પરંતુ તેનું બમણું વ્યાજ રૂા.૧૦,૦૦૦ ચૂકવવા તેમણે કહ્યું હતું. આમ, ૧૫ લાખ રૂપિયાનું રોજનું ૨૦,૦૦૦ વ્યાજ સતત પખવાડિયા સુધી ચૂકવ્યા બાદ મિલનભાઈ વ્યાજ ભરી ન શકતા પ્રકાશ રાજપૂતે મોબાઈલ ફોન ઉપર કડક ઉઘરાણી કરી નંબર પ્લેટ વગરની કિયા કારમાં આવી, પૈસાની રકમ માંગતા તેઓ ઘર છોડીને મુંબઈ જતા રહ્યા હતા. વ્યાજ સહિતની રકમ ૨૫ લાખ થઈ જતા મિલનભાઈએ પ્રકાશ રાજપુતને કહ્યું હતું કે "હમણાં મારી પરિસ્થિતિ સારી નથી. ધંધો બરોબર ચાલતો નથી. છ-બાર મહિનામાં હું પૈસા આપી દઈશ." તેમ કહી તેમના પત્ની તથા બે જુવાન સંતાનોને સુરત ખાતેના ભાડ વિસ્તારમાં એક એપાર્ટમેન્ટમાં ભાડાના ફલેટમાં મોકલી, તેઓ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકામાં આવેલી પુરુષાર્થ શૈક્ષણિક સંકુલમાં આવી અને ભોજનાલયના સંચાલક તરીકે કામ કરી, ગુજરાન ચલાવતા હતા. ગત તારીખ ૧૫ જુલાઈના રોજ મિલનભાઈનો પતો મેળવી, બ્લેક કલરની નંબર પ્લેટ વગરની કિયા કારમાં અજાણ્યા શખ્સ સાથે આવેલા આરોપી પ્રકાશ રાજપુતએ તેમને ધમકી આપી અને "ચાલ ગાડીમાં બેસી જા. તને લઈ જવો છે"- તેમ કહેતા સ્કૂલના સંચાલકને તેમણે ફોન કરીને બોલાવી લીધા હતા. ઉશ્કેરાયેલા પ્રકાશે મિલનભાઈને ગાળો કાઢી માર મારી, "તારે ૩૦ લાખ ક્યારે આપવા છે?"- તેમ કહેતા મિલનભાઈએ કાકલૂદી કરતા શૈક્ષણિક સંકુલના ગૃહપતિ નિલેશભાઈ, સંચાલક ભીમશીભાઈ તેમજ માતા સાજીબેને બે હાથ જોડી, વચ્ચે પડી અને મિલનભાઈને વધુ મારથી બચાવ્યા હતા. ત્યાર પછી આરોપી પ્રકાશ રાજપૂતે ફડાકા ઝીંકી "તારી પાસે હું વ્યાજ સહિત ત્રીસ લાખ રૂપિયા માંગું છું. તે તારે આપવા જ પડશે. નહીં તો હું તને છોડીશ નહીં. જાનથી મારી નાખીશ"- તે તેવી ધમકી આપી અને અજાણ્યા શખ્સ સાથે બંને ચાલ્યા ગયા હતા. આમ, રૂ. ૧૫ લાખની મુદ્દલના દરરોજના રૂ. ૨૦,૦૦૦ સુધીની રકમ લઈને ડરાવી, ધમકાવી, માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ભાણવડ પોલીસમાં નોંધાયેલા આ ગુના સંદર્ભે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ ભાણવડના પી.એસ.આઈ. સવસેટા તથા સ્ટાફએ તાકીદની કાર્યવાહી કરી, આ પ્રકરણના મુખ્ય આરોપી અમદાવાદના રહીશ પ્રકાશ સામત પરમાર અને રાપર - કચ્છના કૃણાલગીરી ગુલાબગીરી ગુસાઈ નામના બંને શખ્સોને દબોચી લીધા હતા. ત્યાર બાદ બંનેને પોલીસે કોર્ટમાં રજૂ કરતા નામદાર અદાલતે બંને આરોપીઓને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો.

# જૂનાગઢ સંગ્રહાલયમાં રક્ષાબંધન પર્વ નિમિત્તે વિવિધ સર્જનાત્મક સ્પર્ધાનુ આયોજન કરાયું

જૂનાગઢ, તા.૨૦

આગામી રક્ષાબંધન પર્વ નિમિત્તે પુરાતત્વ નિયામક અને સંગ્રહાલય વિભાગ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, જૂનાગઢ મ્યુઝિયમ જૂનાગઢ દ્વારા'સર્જનાત્મક રાખડી મહોત્સવ' અંતર્ગત વૈવિધ્યપૂર્ણ સ્પર્ધાઓનું આયોજન કરાયું છે. આ અંતર્ગત રાખડી, થાળી શણગાર તથા તોરણ બનાવવાની સ્પર્ધાનું સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

તમામ સ્પર્ધા તા.૧૧ ઓગસ્ટના સવારે ૧૦ થી ૫ વાગ્યા દરમ્યાન સંગ્રહાલય પરિસર, તાજ મંજીલ, ઓપેરા હાઉસ, જૂનાગઢ ખાતે કોઈ પણ ઉંમરની વ્યક્તિ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

વૈવિધ્યપૂર્ણ રાખડી બનાવી સુશોભન કાર્ય સ્થળ પર બનાવી શકશે. આ ઉપરાંત રાખડી માટેની થાળી શણગારની તથા તોરણ બનાવવાની પણ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. રાખડી, તોરણ તથા થાળી શણગાર માટે તમામ જરૂરી ચીજ વસ્તુઓ સંગ્રહાલય તરફથી આપવામાં આવશે. ઉપરાંત વધારે શણગાર કરવા કોઈ ઈચ્છે તો પોતાની વસ્તુઓ લાવી શકે છે. તમામ સ્પર્ધાના પરિણામ ૧૫ ઓગસ્ટના રોજ જાહેર કરવામાં આવશે.

ઉપર્યુક્ત ત્રણે સ્પર્ધા માટેની વિગતો તથા નિયમો અને રજીસ્ટ્રેશન માટે ૮૩૨૦૦ ૮૨૭૪૨નો સંપર્ક કરવા સંગ્રહાલયનાં ક્યૂરેટર ડો.શેફાલિકા અવસ્થીની યાદીમા જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે તા.૨૩ જુલાઈએ પોલિટેક્નિક-ડિપ્લોમા સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ, તા. ૨૦

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અંતર્ગત વિવિધ પોલિટેકિનક-ડિપ્લોમાના સર્ટિફિકેટ કોર્ષ શરુ છે. વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં પોલિટેકિનક-ડિપ્લોમા અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓને તેમના સર્ટિફિકેટનું વિતરણ થશે. તા.૨૩ જુલાઈ૨૦૨૪ને મંગળવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે કુલપતિ ડો.વી.પી. ચોવટીયાના અધ્યક્ષસ્થાને સેમિનાર હોલ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજજૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે રાખવામાં સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાશે. જેડીસીસી બેક્ર ચેરેમન કિરીટભાઈ પટેલ મુખ્ય મહેમાન, જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ, અગ્રણી ઉદ્યોગપતિ પરસોતમભાઈ કમાણી અતિથિ વિશેષ, એજયુકેશન વર્લ્ડ બેંગલોરના પ્રતિનિધિ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય પ્રિન્સીપાલ અને ડીન ડૉ. એચ.ડી રાંક, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કૂલ સચિવ ડો.વાય.એચ. ઘેલાણી તેમજ યુનિવર્સિટીના સંશોધન ઈજનેરો પોલિટેકિનક-ડિપ્લોમા અભ્યાસક્રમોના આચાર્યો પ્રાધ્યાપકો, વડાઓ, અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહેશે.

# ગુરૂ આપણા દોષોનું નિંદામણ કરીને જીવનમાં સદ્‌ગુણોનું વાવેતર કરે છે

અંકલેશ્વર, તા.૨૦

આપણી ભારતીય સંસ્કૃતિનું મહાન પર્વ એટલે ગુરૂપૂર્ણિમા છે. આપણા દેશમાં ગુરૂ રૂણમાંથી મુક્ત થવા, ગુરૂના ગુણોનું ગાન કરવા, ગુરૂની મહત્તાને સમજવાનો એક ખાસ દિવસ નિશ્ચિત થયો છે તે છે 'ગુરૂપૂર્ણિમા' અષાઢી પૂર્ણિમાએ ભગવાન વેદવ્યાસજીનું પ્રાગટ્ય થયું હતું. એ વ્યાસજી સમગ્ર ભારતવર્ષના સનાતન ગુરુ છે. તેથી ગુરુપૂર્ણિમાને 'વ્યાસપૂર્ણિમા' તરીકે પણ સંબોધિત કરવામાં આવે છે.

જેને સાચું જીવન જીવવું છે, જેને પોતાના જીવનમાં હીરાની જેમ ચમકવું છે. તેને ગુરૂ કરવા અતિ આવશ્યક છે, કારણ કે, આ લોકથી પરલોક સુધી પહોંચાડવા ગુરુ સમર્થ છે. સાચા ગુરૂ તેને જ કહી શકાય કે, જે આપણા દોષોનું નિંદામણ કરે અને સદ્‌ગુણોનું વાવેતર કરે. મનરૂપી અરીસાને નિર્મળ કરવા માટે ગુરૂદેવના ચરણરજની આવશ્યકતા છે. એવું ગોસ્વામી સંત તુલસીદાસજીએ પણ કહ્યું છે. જીવનમાં બધું જ મળ્યું પણ સાચા ગુરુ ન મળ્યા તો જીવન પૂર્ણ ન કહેવાય, બધું જ વ્યર્થ છે માટે જ વેદોમાં કહ્યું છે કે, જેણે ગુરૂ કર્યા છે તે જ શ્રેષ્ઠ માનવી છે, ગુરૂ વગરનો માણસ ગમાર છે. ચોમાસાની ઋતુમાં વરસાદથી બચવા છત્રીની જરૂર પડે છે. એ જ પ્રમાણે માનવશત્રુ એવા કામ, ક્રોધ, લોભ, મોહ, માન, મત્સર, અહંકાર, ઈર્ષા આદિક અવગુણોથી બચવા ગુરૂનું વાત્સલ્યરૂપી છત્ર અનિવાર્ય છે. યથાર્થ અને જીવનપાથેય એવા સદ્‌ગુરુની અનુકંપા માણસના જીવનમાં ઉતરી જાય તો મનુષ્ય ભવાટવીના બંધનમાંથી મુક્તિ પ્રાપ્ત કરીને પરમાત્માના દિવ્યધામમાં પહોંચી જાય છે.

સામાન્ય રીતે આપણે સૌ કોઈ ચમત્કાર દેખાડવાવાળા, અન્નજળ ત્યાગી, નાટક - ચેટક દ્વારા પ્રલોભન આપનાર વ્યક્તિને ગુરૂ માની લેતા હોઈએ છીએ.





પરંતું એ આપણી મૂર્ખાઈભરી ભૂલ છે. સંસારના નાશવંત પદાર્થો નહીં પરંતું સંસાર સાગરમાંથી તારીને અવિનાશીનો ભેટો જે કરાવે તેને ગુરુ કરવા જોઈએ.

ઉપનિષદ્ અનુસાર 'ગુ' એટલે અંધકાર અને 'રૂ' એટલે નિરોધક અર્થાત્ કે જે અજ્ઞાનના અંધકારને ફેલાતો અટકાવે તેજ ગુરુ. જેના જીવનમાં સદ્‌ગુરુ નથી તે મનુષ્ય દિશાહિન છે. તેનું જીવન ચંદ્ર વગરની રાત્રી અને સૂર્ય વગરના દિવસ સમાન છે. તેથી જીવનમાં ગુરુ અવશ્ય કરવા જોઈએ. ગુરૂમાં સદ્‌ગુરૂ હોય તો એ જીવનનો દરિયો તરતા શીખવાડે અને જો કોઈ એવો ગુરુ ભટકાઈ જાય તો દરિયામાં ડુબાડી પણ દે માટે ગુરૂ તો સદ્‌ગુરૂ જ હોવો જોઈએ એ પણ મહત્વનું છે માટે ગુરુ બનાવતા પહેલા ચકાસવું જરૂરી છે. ભારતમાં સહજાનંદ સ્વામી - રામાનંદ સ્વામી, શ્રીરામ - વશિષ્ઠ, વિશ્વામિત્ર, શ્રીકૃષ્ણ- સાંદિપની, એકલવ્ય - દ્રોણાચાર્ય, ચંદ્રગુપ્ત - ચાણક્ય, સ્વામી વિવેકાનંદ - રામકૃષ્ણ પરમહંસ એવી આદર્શ ગુરુ પરંપરાના દર્શન થાય છે. જે આપણા માટે અનુકરણીય છે.

ગુરૂપૂર્ણિમાએ કેવી 'ગુરૂદક્ષિણા' અર્પણ કરવી જોઈએ ? આપણે ખૂબ ભાગ્યશાળી છીએ કે, 'ગુરુણાં ગુરુ' એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ, આદિગુરૂ શ્રીગોપાળાનંદ સ્વામી અને તેમની શિષ્ય પરંપરામાં અખંડ સેવા અને ભજનપરાયણ, સાધુતાની મૂર્તિસમા પ.પૂ. સદ્‌ગુરૂ શ્રીનારાયણ સ્વરૂપદાસજી સ્વામી તેમજ પ.પૂ. સદ્‌ગુરૂ શાસ્ત્રી શ્રી કૃષ્ણસ્વરૂપદાસજી સ્વામી જેવા વિરલ સદ્‌ગુરુ સંતોની પ્રાપ્તિ થઈ. તેથી આપણે હવે તેમણે જે જીવન સંદેશ અને ભગવત્માર્ગ બતાવ્યો છે તેને આપણે આપણા જીવનમાં અનુસરીએ તે જ સાચા અર્થમાં ગુરૂપૂર્ણિમાએ "ગુરૂદક્ષિણા" અર્પણ કરી કહેવાશે. 'સદ્‌ગુરૂ' કે ચરણોમે તેરા જબ મન હોગા, તબ હી સફળ તેરા જીવન હોગા.

**- શાસ્ત્રી જયસ્વરૂપદાસ (ગુરૂકુલ, અંકલેશ્વર)**

# સોમનાથ દર્શનાર્થીનો રૂા.૪૫ હજારનો મોબાઈલ શોધી મુળ માલિકને પરત કરતી પોલીસ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૦

સોમનાથ મંદિર ખાતે દર્શનાર્થી આવેલા જ્યારે તેમનો મોબાઈલ **one plus 11R** કિંમત રૂપિયા ૪૫,૦૦૦નો ખોવાઈ ગયેલો હતો જે ફરજ ઉપરના જીઆરડી સભ્યો દિનેશભાઈ કામળિયા, અમિતભાઈ કાસા, હરેશભાઈ કામળિયા તથા રાહુલભાઈ દિનેશભાઈનાઓને મળી આવેલ જેઓએ સુરક્ષાના અધિકારી ડીવાયએસપી ખટાણા પીઆઈ આર.એન. જાડેજા પીએસઆઈ રાવલ જાણ કરી ત્યાર પછી તેઓએ મૂળ માલિકને શોધી ખરાઈ કરી તેઓને મોબાઈલ પરત કરેલો છે જેમાં સોમનાથ મંદિર પોલીસે માનવ અભિગમ રાખી એક સરાહનીય કામગીરી કરી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# યોજનાબધ્ધ ધર્માંતરણનો વધતો પડકાર

તાજેતરમાં અલ્હાબાદ હાઈકોર્ટે ધર્માંતરણ પર કઠોર ટિપ્પણીઓ કરી. અદાલતે કહ્યું કે 'જો ધર્માંતરણની પ્રવૃત્તિ ચાલુ જ રહી તો એક દિવસે ભારતની બહુસંખ્યક આબાદી જ અલ્પસંખ્યક થઈ જશે.' અદાલતે એમ પણ કહ્યું કે મત પ્રચાર-પ્રસારની તો છૂટ છે, પરંતુ ધર્માંતરણની અનુમતિ નથી. આ પહેલો અવસર નથી કે ધર્માંતરણના સંબંધે અદાલતે આવી કઠોર ટિપ્પણી કરી હોય. આના પહેલાં નવેમ્બર ૨૦૨૨માં પણ સુપ્રીમ કોર્ટની બે સદસ્યોની ખંડપીઠે જબરદસ્તી ધર્માંતરણ સંબંધે કહ્યું હતું કે 'આ અંતે રાષ્ટ્રની સુરક્ષા અને ધાર્મિક સ્વતંત્રતા તથા નાગરિકોના અંતરાત્માને પ્રભાવિત કરી શકે છે.' દેશની વિભિન્ન અદાલતોએ જબરદસ્તી ધર્માંતરણને લઈને ચિંતા વ્યક્ત કરી છે અને તેની પાછળ તથ્યાત્મક અને ઠોસ કારણો પણ છે.

એ જાણવું જરૂરી છે કે કોઈપણ વ્યક્તિ માટે તેના 'પથ' જેને બંધારણી અને ન્યાયિક ભાષામાં 'ધર્મ' પણ કહેવામાં આવે છે, તે એટલો મહત્ત્વપૂર્ણ કેમ છે? વિશ્વભરમાં એવા લોકોની સંખ્યા બહુમતીમાં છે, જેઓ કોઈને કોઈ પંથના અનુયાયી છે અને પોતાના મત વિશેષમાં આસ્થા ધરાવે છે, બલ્કે તેને 'જીવન નિર્દેશક' રૂપે સ્વીકાર કરીને પોતાની જીવન પ્રણાલીને તેમની માન્યતાઓ અને પરંપરાઓને અનુરૂપ સંચાલિત કરે છે. એ કહેવું ખોટું નહીં હોય કે ભારત જ નહીં, મોટાભાગના દેશોમાં 'પંથ' માત્ર આસ્થાનો વિષય નહીં, પરંતુ વ્યક્તિની ઓળખ પણ છે અને આ ઓળખને પરિવર્તિત કરવાનો નિર્ણય જો એકાએક હોય તો કેટલાય પ્રશ્નો ઊભા થવા સ્વાભાવિક છે. ધર્માંતરણ પર કેટલાય મનોવૈજ્ઞાનિક અધ્યયન થયાં છે, જે મુખ્ય રૂપે એ તથ્ય પર કેન્દ્રિત છે કે કઈ રીતે એક વ્યક્તિના ધર્માંતરણથી માત્ર એ વ્યક્તિ જ નહીં, પરંતુ આખો સમાજ પ્રભાવિત થાય છે. 'ધ ઓક્સફર્ડ હેન્ડબુક ઓફ રિલીજિયસ કન્વર્ઝન' પુસ્તક ધર્માંતરણની ગતિશીલતાની વ્યાપક શોધ પ્રસ્તુત કરે છે. એમાં ચર્ચા કરવામાં આવી છે કે કઈ રીતે ધર્માંતરણ સદીઓથી સંસ્કૃતિઓ અને વ્યક્તિઓને પ્રભાવિત કરતું આવ્યું છે. પુસ્તકના સંપાદક લુઈસ આર. રેમ્બો લખે છે કે ધર્માંતરણનો પ્રભાવ માત્ર વ્યક્તિગત પરિવર્તન સુધી સીમિત નથી, પરંતુ તે સામાજિક-સાંસ્કૃતિક સંરચનાને પણ પ્રભાવિત કરે છે. રેમ્બોએ ધર્માંતરણ સંબંધે કહ્યું છે કે તેના તમામ કારણો વચ્ચે સૌથી મહત્ત્વપૂર્ણ કારણ 'સંકટાવસ્થા' છે. ચાહે તે રાજકીય હોય, સાંસ્કૃતિક કે પછી મનોવૈજ્ઞાનિક હોય.

ધર્માંતરણ કદાચ જ ક્યારેક માત્ર ધાર્મિક વિશ્વાસોને પ્રાથમિક લ-ય રૂપે બદલવા સુધી સીમિત રહ્યું હોય. સત્ય તો એ છે કે ધર્માંતરણ મોટાભાગે 'પંથ' વિશેષ દ્વારા પોતાની જનસંખ્યાને વધારીને 'પ્રભુત્વ' સ્થાપિત કરવાની દાનતથી કરાવવામાં આવે છે, જેથી રાજકીય અને સામાજિક સ્તર પર તે દબાણ સમૂહ તરીકે કામ કરી શકે અને પોતાને મનમાફક વ્યવસ્થાઓને પ્રભાવિત કરી શકે. દુર્ભાગ્યની વાત એ છે કે આના શિકાર મુખ્યત્વે હાંશિયા પર ઊભા એ લોકો જ હોય છે, જેઓ સામાજિક ભેદભાવનો દંશ વેઠતા હોય છે અથવા આર્થિક રૂપે કમજોર હોય છે. આર્થિક પ્રલોભન અને સામાજિક ઉત્થાનની જાળ રૂપે ધર્માંતરણની રણનીતિ સ્વતંત્રતા પહેલાંથી જ ભારત માટે મોટો પડકાર બનેલી છે, જેણે ભારતની જનસંખ્યાને ઘણી હદ સુધી પ્રભાવિત પણ કરી છે.

વડાપ્રધાની આર્થિક સલાહકાર પરિષદના રિપોર્ટ 'શેર ઓફ રિલીજિયસ માઈનોરિટી અ ક્રોસ કંટ્રી એનાલિસિસ' જણાવે છે કે ભારતમાં હિંદુઓની આબાદીમાં ૭.૮૨ ટકાનો ઘટાડો આવ્યો છે. ત્યાં જ મુસ્લિમ આબાદીનો હિસ્સો ૯.૮૪ ટકાથી વધીને ૧૪.૯૫ ટકા તથા ઈસાઈ આબાદી ૨.૨૪થી વધીને ૨.૩૬ ટકા થયો છે. આંકડા ઘણું બધું કહી રહ્યા છે. 'સામ દામ દંડ ભેદ'ની રણનીતિ અપનાવીને ધર્માંતરણની માનસિકતા પર અંકુશ લગાવવા માટે ૧૯૩૬માં રાયગઢ રિયાસત દ્વારા 'રાયગઢ ધર્માંતરણ અધિનિયમ' પસાર કરવામાં આવ્યો. એવા જ કાયદા ઉદયપુર, કોટા અને જોધપુર વગેરે દ્વારા પણ બનાવવામાં આવ્યા. મોટા પાયે ધર્માંતરણની ઘટનાઓને જોતાં મધ્ય પ્રદેશે ૧૯૫૪માં એક સમિતિ રચી હતી. સમિતિના રિપોર્ટે ઉજાગર કર્યું કે ગરીબ લોકોને ફોસલાવીને ધર્માંતરણ કરાવવામાં આવે છે. પરિણામે, સ્વતંત્ર ભારતમાં પહેલો ધર્માંતરણ વિરોધી કાયદો મધ્ય પ્રદેશ રાજ્ય દ્વારા પસાર કરવામાં આવ્યો, જેને 'મધ્ય પ્રદેશ ધર્મ સ્વતંત્રતા અધિનિયમ, ૧૯૬૭' રૂપે ઓળખવામાં આવે છે. આ અધિનિયમમાં બળ, છેતરપિંડી કે પ્રલોભન આપીને ધર્માંતરણને દંડનીય અપરાધ માનવામાં આવ્યું હતું. તેના પછી ઓડિશાએ 'ઉડીસા ધર્મ સ્વતંત્રતા અધિનિય, ૧૯૬૮' પસાર કર્યો. આ બંને અધિનિયમોને તેમના સંબંધિત હાઈકોર્ટોમાં પડકાર પણ ફેંકવામાં આવ્યો હતો.

મધ્ય પ્રદેશ હાઈકોર્ટની પૂર્ણ પીઠે 'રેવ. સ્ટેનિસ્લાસ વિરુદ્ધ મધ્ય પ્રદેશ રાજ્ય અને અન્ય' (૧૯૭૪) કેસમાં અધિનિયમની કાયદેસરતા યથાવત રાખી. હાઈકોર્ટે માન્યું કે 'મોટા પાયે ધર્માંતરણમાં સાર્વજનિક વ્યવસ્થાને બાધિત કરવાની ક્ષમતા છે.' હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંકવામાં આવ્યો. સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયાધીશોની બંધારણીય પીઠે મધ્ય પ્રદેશ હાઈકોર્ટના વિચારો સાથે સહમતિ વ્યક્ત કરી અને કહ્યું કે 'અનુચ્છેદ ૨૫(૧) અંતર્ગત કોઈના મતનો પ્રચારનો અધિકાર કોઈ વ્યક્તિને પોતાના મજહબમાં પરિવર્તિત કરવાનો મૌલિક અધિકાર નથી આપતો.' ધર્માંતરણ વિરોધી કાયદાની બંધારણીય કાયદેસરતા સંબંધિત બીજો એક ઐતિહાસિક કેસ 'હિમાચલ પ્રદેશ ધાર્મિક સ્વતંત્રતા અધિનિયમ, ૨૦૦૬' છે. આ અધિનિયમ પોતાના પૂર્વવર્તીઓ કરતાં એક ડગલું આગળ નીકળ્યો. તેમાં ઉમેરવામાં આવેલ કલમ-૪ અનુસાર કોઈપણ વ્યક્તિને ધર્માંતરણ પહેલાં જિલ્લા મેજિસ્ટ્રેટને ૩૦ દિવસ પહેલાં સૂચના આપવી પડશે, જે ધર્માંતરણની સત્યતાની તપાસ કરશે.

ન્યાયાલયની ટિપ્પણીઓ, તેમના નિર્ણયો અને કાયદાકીય ઉઠાપટક સિવાય આપણે એ સામાજિક ભૂમિકાઓને પણ તપાસવી પડશે, જેને કારણે આજે પણ છળકપટ અને લોભ-લાલચથી ધર્માંતરણ થઈ રહ્યું છે. એ ખામીઓ પર પણ ખુલ્લેઆમ ચર્ચા કરવી જોઈએ, જે હાંશિયા પર ઊભેલા વ્યક્તિઓને ધર્માંતરણ તરફ ધકેલે છે. એ પણ યાદ રહે કે સ્વામી વિવેકાનંદે હિંદુઓના યોજનાબદ્ધ ધર્માંતરણ પર સ્પષ્ટ રૂપે ચેતવણી આપી હતી કે 'એક હિંદુનું ધર્માંતરણ માત્ર એક હિંદુ ઓછો થવો નથી, પરંતુ એક શત્રુનું વધવું છે.'

### ગુજરાતમાં મેઘરાજા ખાસ કરીને સૌરાષ્ટ્રમાં વિશેષ મહેરબાન થયા

# સૌરાષ્ટ્રમાં સાંબેલાધાર વરસાદને કારણે લીલો દુષ્કાળ સર્જાવાની ભીતિ

## પોરબંદર, દ્વારકા, જૂનાગઢ, ગીરસોમનાથમાં ભારેથી અતિ ભારે વરસાદથી જનજીવન પ્રભાવિત થયુ છે

અમદાવાદ,તા.૨૦ સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ વચ્ચે હવામાન વિભાગે આજે ૧૦ જિલ્લામાં અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે. જે અંતર્ગત સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાંક સ્થળો પર રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલીમાં રેડ એલર્ટ અપાયું છે. ગીર સોમનાથ અને રાજકોટમાં પણ અત્યંત ભારેની આગાહી કરાઈછે. બીજી તરફ ૧૧ જિલ્લામાં વરસાદનું ઓરેન્જ એલર્ટ અપાયું છે. જેમાં કચ્છ, જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગરનો સમાવેશ થાય છે. મધ્ય ગુજરાતના ૫ જિલ્લા અમદાવાદ, આણંદ, વડોદરા, પંચમહાલ, દાહોદમાં યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

અનરાધાર વરસાદથી ફરી એક વખત જુનાગઢ જિલ્લો જળબંબાકાર બન્યો. ખાસ કરીને જુનાગઢના કેશોદ પંથકમાં સ્થિતિ વિકટ બની. કેશોદના ઘેડ પંથકમાં આવેલ અખોદર ગામે ઉપરવાસમાં ભારે વરસાદને કારણે ડેમનાં દરવાજા ખોલવામાં આવતાં સમગ્ર ઘેડ પંથકમાં પાણી ફરી વળ્યાં છે. ત્યારે અખોદર ગામે વાડી વિસ્તારમાં ૪ પશુપાલકો ફસાયા. ઘટનાની જાણ થતાં જ રેસ્ક્યૂ ટીમ સ્થળ પર પહોંચી અને વોટર બોટની મદદથી ચારેયને સહીસલામત પાણીમાંથી બહાર કાઢ્યા.જુનાગઢમાં અવિરત વરસાદને કારણે ઘેડ પંથકના ગામો ત્રીજી વાર બેટમાં ફેરવાયા. ઘેડ પંથકના સરમા, સમરડા, સાંઢા, ઘોડાદર, ભાથરોટ સહિતના ગામો જળમગ્ન થયા. અવિરત વરસાદ પડતાં ક્યાંક ખુશી ક્યાંક તારાજી જોવા મળી રહી છે. ખેડૂતોના ખેતરોમાં નદી જેવી સ્થિતિ સર્જાઇ છે. ખેડૂતોએ મગફળી, સોયાબીન, કપાસ જેવા પાકોનું વાવેતર કર્યું છે. પરંતુ ઓઝત નદીના પાળા તૂટ્યા બાદ સ્થિતિ વધુ વિકટ બની છે. દેવભૂમિ દ્વારકા પંથકને સતત ત્રીજા દિવસે મેઘરાજાએ ધમરોળી નાંખ્યો. ભારે વરસાદને કારણે ખંભાળિયા તાલુકાનો સિંહણ ડેમ ઓવર ફલો થયો. જેના સુંદર દ્રશ્યો સામે આવ્યા. ઉપરવાસ વિસ્તારમાં એક જ રાતમાં પડેલા પડેલા વરસાદે સિંહણ ડેમને છલકાવી દીધો.

દ્વારકાના જામ રાવલમાં પણ ફરી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ. જામ રાવલ ગામે ભારે વરસાદ થતા જનજીવન પ્રભાવિત થયું છે. ખાસ કરીને HGL હાઈસ્કુલ પાસેના વિસ્તારોમાં ધસમસતા પાણી ફરી વળ્યા. સમગ્ર ગામ જાણે કે બેટમાં ફેરવાયું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા. જામ રાવલ ગામે તારાજીના આકાશી દ્રશ્યો સામે આવ્યા છે. જેમાં જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી નજરે પડી રહ્યું છે. દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુર તાલુકામાં ૧૦ ઈંચથી વધુ વરસાદથી પાણી ભરાયા. ભાટિયામાં ધોધમાર વરસાદમાં ચારે તરફ પાણી પાણી થઈ ગયું. ભાટિયા ગેટ પાસેના ભોગાત જતા માર્ગ પર પાણી ફરી વળ્યાં. જેના કારણે વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડી. ભાટિયાના કાલેશ્વર મંદિર વિસ્તારમાં આવેલા રહેણાંક મકાનોમાં પણ પાણી ફરી વળ્યા. ધસમસતા પાણીના પૂરના કારણે મકાનોની દિવાલ ધરાશાયી થઈ. ઘરવખરી પણ પલળી જતા લોકોને હાલાકી વેઠવી પડી.

### ત્રણ કલાકમાં નવ ઈંચ વરસાદ, અનેક ગામોમાં પૂર જેવી સ્થિતિ

# સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદથી જીવન અસ્તવ્યસ્ત થયું

## રાજકોટના જામકંડોરણા તાલુકાના ગામડાઓમાં ધોધમાર વરસાદ પડ્યો હતો

અમદાવાદ,તા.૨૦ સૌરાષ્ટ્ર અને પશ્ચિમ ગુજરાતના વિસ્તારોમાં હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટ જાહેર કરાતા સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડી રહ્યો છે, જેને પગલે રાજકોટના ધોરાજીમાં છેલ્લા ૨૪ કલાકમાં ધોધમારી વરસાદ વરસ્યો છે. તેવામાં ધોરાજીના ચિચોડમાં ત્રણ કલાકની અંદરમાં નવ ઈંચ વરસાદ વરસતા ગામની નદીમાં ઘોડાપૂરની સ્થિતિ નિર્માણ પામી હતી. બીજી તરફ, છેલ્લા ૨૪ કલાકની અંદરમાં ભાડેર ગામમાં ૧૨ ઈંચ જેટલો વરસાદ પડતાં ગ્રામજનોને હાલાકીનો સામનો કર્યો હતો. આ સાથે રાજકોટના જામકંડોરણા તાલુકાના ગામડાઓમાં ધોધમાર વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગ દ્વારા રાજકોટ, જામનગર, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર સહિતના જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું, ત્યારે પોરબંદર અને રાજકોટ સહિતના જિલ્લામાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. જેમાં રાજકોટના ધોરાજીમાં મેઘરાજાએ ધબળાટી બોલાવી હતી. જેમાં ધોરાજીના ચિચોડ ગામમાં ત્રણ કલાકની અંદરમાં નવ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. આ સાથે ધોરાજી ઉપલેટાના તાલુકા સહિતના વિસ્તારોમાં અતિભારે વરસાદને પગલે નદીઓમાં ઘોડાપૂરની સ્થિતિ ઉભી થઈ હતી. આ ઉપરાંત, ઉપલેટા પંથકમાં મેઘરાજા મહેરબાન થતા ચારેય તરફ પાણી ભરાયા હતા. જેમાં રાજકોટ-પોરબંદર હાઈવે પરના ખેતરોમાં પાણી ભરાતા ખેડૂતોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં અતિભારે વરસાદને પગલે રાજકોટ સહિતના ગામડાઓમાં સૌથી વધુ અસર જોવા મળી રહી છે, ત્યારે ધોરાજીના ચિચોડની સાથે-સાથે ભાડેર ગામમાં પણ છેલ્લા ૨૪ કલાકની અંદરમાં ૧૨ ઈંચ વરસાદ પડતા નદી-નાળાઓમાં પૂર જેવા દ્રશ્યો જોવા મળ્યાં હતા. આ સાથે અતિભારે વરસાદને લઈને ગામડાના રહેણાવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની સમસ્યાઓ સર્જાતા સ્થાનિકોને હાલાકીનો સામનો કરવો પડયો હતો.

આ ઉપરાંત, રાજકોટના જામકંડોરણા તાલુકાના ગામડાઓમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. જેમાં ખજૂરડા, રોઘેલ, ગુદાસરી સહિતના ગામડાઓમાં ચાર ઈંચથી વધુ વરસાદ પડ્યો હોવાનું સામે આવ્યું હતું. સતત બે દિવસથી વરસાદી માહોલ હોવાથી ગામડાઓની નદીમાં પૂરની સ્થિતિ ઉભી થઈ હતી. આ સાથે ફોફળ ડેમ ઓવરફ્લો થયો હતો.

### બાતમીના આધારે આ બંને આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા

# અમદાવાદમાંથી ઝડપાયું હથિયારોની હેરાફેરીનું નેટવર્ક

## આ બંને આરોપીઓ રાજસ્થાનના જેસલમેર તેમજ પાલીના રહેવાસી છે આરોપીઓને રામોલ પોલીસે હથિયાર સાથે પકડી પાડ્યા છે

અમદાવાદ,તા.૨૦ રામોલમાંથી હથિયારોની હેરાફેરીનું નેટવર્ક ઝડપાયું છે. ક્રૂસ પાસેથી ત્રણ પિસ્ટલ અને કારતુસ સાથે બે આરોપીની ધરપકડ કરી છે.

રામોલ પોલીસની ગિરફતમાં દેખાતા આરોપીઓના નામ છે. પ્રયાગ સિંગ જોધા તેમજ અંશુમાન સિંગ દેવડા. આ બંને આરોપીઓ રાજસ્થાનના જેસલમેર તેમજ પાલીના રહેવાસી છે. આરોપીઓને રામોલ પોલીસે હથિયાર સાથે પકડી પાડ્યા છે.

વિગતવાર વાત કરીએ તો રામોલ પોલીસની ટીમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી, જે દરમિયાન બાતમી મળી હતી કે રામોલ સીટીએમ એકસપ્રેસ હાઈવે નજીકથી હથિયારની હેરાફેરી થનાર છે. જે બાતમીના આધારે આ બંને આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા. આરોપીઓની તપાસ કરતાં આરોપી ઓ પાસેથી ભારતીય બનાવટની ત્રણ પિસ્તોલ તેમજ ૮ જીવતા કારતૂસ મળી આવ્યા હતા. જેથી રામોલ પોલીસે હથિયાર ની હેરાફેરી નો ગુનો દાખલ કરી બંને આરોપીઓની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી હતી.

આરોપીઓની વધુ પૂછપરછ કરતા સામે આવ્યું કે પાંચેક દિવસ પહેલા તેઓ મધ્ય પ્રદેશ ખાતે હથિયાર ની ખરીદી કરવા માટે ગયા હતા. વસંતસિંગ નામના મધ્યપ્રદેશના સેંદવા ગામના રહેવાસીનો સંપર્ક કરી તેની પાસેથી આ ત્રણે પિસ્તોલ અને કારતૂસ ખરીદ્યા હતા. જે હથિયારો લઈને બંને આરોપી ઓ રાજસ્થાન ખાતે ભવાની ચૌધરી અને અશોક બિસ્નોઈ નામના વ્યક્તિને આપવા માટે નીકળ્યા હતા પરંતુ તે પહેલા જ રામોલ પોલીસ ના હાથે પકડાય ગયા હતા. આ બંને આરોપીઓ એમપીથી ખરીદીને રાજસ્થાન ખાતેના આરોપીઓ સુધી પહોંચાડવાના પૈસા લેતા હતા. આરોપી ઓની વધુ તપાસ કરતા સામે આવ્યું કે પ્રયાગ સિંહ જોધા બે વર્ષ પહેલાં મધ્યપ્રદેશથી દેશી બનાવટની પિસ્ટલ લાવ્યો હતો અને પોતે પિસ્ટલ સાથે શેરગઢ પોલીસ સ્ટેશન જોધપુર ખાતે પકડાઈ ગયો હતો. તેના મિત્ર ભવાની ચૌધરી અને અશોક બિશનોઈ દ્વારા પણ તેની પાસેથી બે પિસ્તોલ અને કારતૂસ મંગાવ્યા હતા. જેથી પૈસાની લાલચમાં આવીને તે હથિયાર લેવા માટે મધ્ય પ્રદેશ ગયો હતો ગયો હતો.

આ ગુનામાં ઝડપાયેલો આરોપી પ્રયાગ સિંહ જોધા અગાઉ સુરતમાં તેમજ રાજસ્થાન ખાતે ફલસૂન અને શહેરગઢ અને ઓશિયા પોલીસ સ્ટેશન ખાતે ગેરકાયદેસર હથિયાર ના ગુનામાં ઝડપાયો ચુક્યો છે. આ મામલે રામોલ પોલીસે આરોપી ઓની ધરપકડ કરી આ ગુનામાં સામેલ અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. સાથે આરોપીઓ હથિયાર કેટલા રૂપિયામાં લાવ્યા હતા. અગાઉ કેટલી વાર લાવી ચૂક્યો છે તે તમામ દિશામાં તપાસ હાથ ધરી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

અતિશયોક્તિ જ અસત્ય છે.

- મહાત્મા ગાંધી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. મોહરમ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, અષાઢ સુદ-૧૪ શિવશયની ચતુર્દશી, વ્રતની પૂનમ, કોકીલાવ્રત આરંભ, મેલા જ્વાલામુખી (કાશ્મીર) તા.૨૦ જુલાઈ ૨૦૨૪, શનિવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૧૩, પૂર્વાષાઢા નક્ષત્ર, વૈધૃતિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૧૬, સૂ.અ.૭:૩૮
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નોકરીયાત વર્ગ માટે ઉત્તમ દિવસ. અણધાર્યો લાભ મળે.
વૃષભ: નવિન ઓળખાણથી લાભ. જૂના મતભેદો નિવારી શકશો.
મિથુન: આર્થિક લાભ મેળવી શકશો. વ્યર્થ કાર્યબોજ રહે.
કર્ક: સ્નેહિઓ સાથે મનદુઃખ રહે. સ્વમાન ઘવાય તેવો પ્રસંગ બને.
સિંહ: માનસિક ઉશ્કેરાટ રહે. આરોગ્ય બાબતે જાળવવું.
કન્યા: નવિન આયોજનો સફળતાથી પાર પડે. પડવાથી સંભાળવું.
તુલા: મિત્ર વર્ગથી લાભ મળે. સંતાનના આરોગ્ય સાવધાની રાખવી.
વૃશ્ચિક: પ્રિયજનથી મિલન થાય. વ્યાપારમાં પ્રગતિકારક દિવસ.
ધન: કોર્ટ-કચેરીમાં લાભ. વડીલોની મદદથી મહત્વનું કાર્ય થાય.
મકર: નવિન સમાચાર મળે. મનની મુરાદ પૂરી થાય.
કુંભ: ગૃહવિવાદ, માનસિક અશાંતિ અને વ્યર્થ ચિંતા રહે.
મીન: પારિવારીક સમસ્યામાં મદદરૂપ બનવું પડે.

### છેલ્લા ૨૪ કલાકથી અનારાધાર વરસાદ વરસી રહ્યો છે

# ધોરાજીના ચિચોડમાં ૩ કલાકમાં જ ખાબક્યો ૯ ઈંચ વરસાદ

## ગામમાંથી પસાર થતી નદીઓમાં ઘોડાપૂર આવ્યુ છે આ તરફ ભાડેર ગામમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ ઈંચ વરસાદથી ગામ બેટમાં ફેરવાયું છે

રાજકોટ,તા.૨૦ રાજકોટના ધોરાજી પંથકમાં છેલ્લા ૨૪ કલાકથી અનારાધાર વરસાદ વરસી રહ્યો છે. ધોરાજીના ચિચોડ ગામે ધોધમાર વરસાદ વરસવાનુ યથાવત છે. ચિચોડમાં ૩ કલાકમાં ૯ ઈંચ વરસાદ ખાબકી જતા નદીઓમાં ઘોડાપૂરની સ્થિતિ છે. ગામમાંથી પસાર થતી નદીઓમાં ઘોડાપૂર આવ્યુ છે. આ તરફ ભાડેર ગામમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ ઈંચ વરસાદથી ગામ બેટમાં ફેરવાયુ છે.રાજકોટના ધોરાજી બારે મેઘ ખાંભા જેવી સ્થિતિ થઈ છે. મેઘરાજાએ સમગ્ર ધોરાજી ઉપલેટા તાલુકાને ઘમરોળ્યો છે. ચિચોડ ગામમાં ત્રણ કલાકમાં ૯ ઈંચ વરસાદ ખાબકી જતા જળબંબાકારની સ્થિતિ છે. ગામમાંથી પસાર થતી નદીઓમાં ઘોડાપૂર આવ્યુ છે. ખેતરોમાં પાણીમાં ગરકાવ થયા છે. આ તરફ ઉપલેટા પંથકમાં ધોધમાર વરસાદથી ચોતરફ પાણી ભરાયા છે. પોરબંદર-રાજકોટ હાઈવે પર ખેતરમાં પાણી ભરાયા છે. વરસાદી પાણી ભરાતા ખેડૂતોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ધોરાજી ઉપલેટામાં ગઈકાલથી મેઘરાજા મહેર નહીં કહેર બનીને વરસી રહ્યા હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયુ છે. આ તરફ ધોરાજીના ભાડેર ગામમાં ૨૪ કલાકમાં ૧૨ ઈંચ વરસાદ ખાબક્યો છે. ભાડેર ગામમાં ધોધમાર વરસાદ થતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સમગ્ર ગામ બેટમાં પરિવર્તિત થયુ છે. નદી-નાળાઓમાં ઘોડાપૂરની સ્થિતિ છે. ભારે વરસાદ બાદ ગામના રહેણાંક વિસ્તારમાં પાણી ભરાતા લોકોને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ન્યુ કલ્યાણ સોસાયટી વિસ્તારમાં પાણી ભરાતા સ્થાનિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

## દ્વારકામાં આભ ફાટ્યું! ૧૪ ઈંચ વરસાદમાં ગામેગામ જળબંબાકાર

દ્વારકા,તા.૨૦ : હવામાન ખાતાની આગાહી મુજબ દ્વારકા જિલ્લામાં સાર્વત્રિક વરસાદ જોવા મળ્યો હતો. ગત રાત્રે ગાજવીજ સાથે શરૂ થયેલ ધોધમાર વરસાદ હાલ પણ સમગ્ર દ્વારકા જિલ્લાને તરબૂડી રહ્યો હોય તેવા દ્રશ્યો સામે આવ્યા હતા. ગત રાત્રે કલ્યાણપુર પંથક ૨ કલાકમાં ૬ ઈંચ વરસાદ સાથે હાલ સુધી ૧૪ ઈંચ જેટલો પડ્યો છે. ખંભાળિયા પંથકમાં ૭ ઈંચ, દ્વારકા અને ભાણવડ પંથકમાં પથી ૬ ઈંચ વરસાદ ખાબક્યો છે. કલ્યાણપુર પંથકના રાવલ ગામમાં આભ ફાટ્યા જેવી પરિસ્થિતિ જોવા મળી હતી. તો ભાટિયા - ભોગાત, લીંમડી - દ્વારકા, કલ્યાણપુર-હર્ષદ, પાનેલી-હરીપર વચ્ચેના માર્ગ પણ પાણી ફરી વળતા વાહન વ્યવહાર ખોરવાયો હતો.

# જૂનાગઢમાં દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફાના દસ્તારબંદી કાર્યક્રમ નિમિતે શાનદાર જલ્સાનું આયોજન

જૂનાગઢ તા. ૨૦

સૌરાષ્ટ્રના સુન્ની વડા અને આ'લા હઝરતના સુપુત્ર હુઝૂર મુફતીએ આઝમે હિન્દના ખલીફા અને અમીરે એહલે સુન્નત તરીકે પંકાયેલા હઝરત પીર નૂરમહંમદ બાપુ મારફાની સ્થાપિત ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ દ્વારા દર વર્ષે ઉજવાતો આ પરંપરાગત ૧૪ મી મોહરમના હઝરત ઈમામે આલી મુકામ તથા હઝરત મુફતીએ આઝમે હિન્દની યાદમાં ઉજવાતો જશ્ન આ વખતે પણ જૂનાગઢમાં રાબેતા મુજબ આજરોજ તા. ૨૦ જુલાઈ-૨૦૨૪ના શનિવારે રાત્રે ૧૦-૦૦ વાગ્યે મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝા, જૂનાગઢ ખાતે ઉજવવામાં આવનાર છે.

આ દસ્તારબંઠીના જલ્સાનું પ્રમુખ સ્થાનઅલ્લામાં ગુલઝાર અહમદ નૂરી સંભાળશે. આ દસ્તારબંદીના જલ્સામાં ખલીફએ હુઝુર તાજુશરીયાહ પીરે તરીકત હઝરત સૈયદ નિઝામુદીન બાબા કાદરી-નાગપુર તથા ખલીફએ હુઝુર મુફતીએ આઝમે હિન્દ પીરે તરીકત હઝરત સૈયદ અબ્દુલ હમીદ બાબા -નૈનીતાલ (યુ.પી.) ખાસ ઉપસ્થિત રહેશે.

આ દસ્તારબંદીના જલ્સામાં ખતીબે મહારાષ્ટ્ર, હઝરત અલ્લામાં મૌલાના સિરાજ અહમદ ચિશ્તી -મુંબઈ (મહારાષ્ટ્ર) તથા હઝરત મુફતી હસીબુર્રહમાન -જૂનાગઢ સહીતના વકતાઓ હાજર રહી આ દસ્તારબંદીના જલ્સાને સંબોધશે. આ દસ્તારબંદીના જલ્સામાં બુલબુલે બાગે મદીના જનાબ અલ્હાજ અશરફ રઝા ઉદયપુરી- ઉદયપુર (રાજસ્થાન) હાજર રહી તેમના મધુર કંઠે નાતે રસુલ તથા મનકબત રજુ કરશે. આ દસ્તારબંદીના જલ્સામાં હઝરત સૈયદ અબ્દુલ્લાહમીયાં બાપુ - કલારીયા શરીફ, હઝરત સૈયદ અ. અઝીઝમીયાં બાપુ - બેડી (જામનગર), હઝરત સૈયદ મહબુબ બાપુ કાદરી - અમરેલી હઝરત મુફતી અસગરઅલી બાપુ દારૂલ ઉલુમ શાહે આલમ - અમદાવાદ, જનાબ અલ્હાજ મુનીરૂલ ઈસ્લામ કલીમી - અમદાવાદ, જનાબ અલ્હાજ ગુલામ મુક્ષુદીન અશરફી - નબીપુર (ભરૂચ) જનાબ અલ્હાજ ખલીલ અહમદ સાબરી - પ્રભાસપાટણ, મૌલાના સરફરાઝ અહમદ - વેરાવળ, મુફતી મુનવ્વર રઝા-ધોરાજી, હાફીઝ મો. સાબીર રઝા-જૂનાગઢ, મૌલાના હબીબુલ્લાહ મિસ્બાહી - જૂનાગઢ, મૌલાના સૈયદ સાજીદ બાપુ મુસ્તફાઈ-જૂનાગઢ, મૌલાના હબીબુલ્લાહ મિસ્બાહી-જૂનાગઢ વગેરે આલીમો ઉપસ્થિત રહેશે.

આ દસ્તારબંદીના જલ્સામાં જૂનાગઢ દારૂલ ઉલૂમ અન્વારે મુસ્તફાના તાલીમાર્થીઓમાંથી ૧૬ તાલીબે ઈલ્મોએ કુંઆન શરીફને મોઢે કઠન કરેલ હોય તે હાફીઝોને દસ્તારે હિફઝ (સર્ટીફિકેટ) તેમજ ૬ તાલીબે ઈલ્મોને તજવીદની સાથે કુર્આન શરીફ પઢેલ હોય તે કારીઓને દસ્તારે કીર્અત (સર્ટીફિકેટ) ઉલ્માએ કિરામ મશાએખે એઝામના મુબારક હાથે આપવામાં આવશે. અત્યાર સુધી આ સંસ્થા દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફામાંથી ૧૫૨ તાલીમાર્થીઓ આલીમ, ફાઝિલ, હાફીઝ તેમજ કારી બની દેશ તથા વિદેશમાં દિન અને સુન્નીયતની સેવા આપી રહ્યા છે. આ દસ્તાબંદીના જલ્સાને સોરઠની ધરા ઉપર ભવ્ય સફળતા આપવા માટે મોટી સંખ્યામાં સુન્ની મુસ્લીમ બિરાદરોને ઉપસ્થિત રહેવા ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ દ્વારા અપીલ કરાઈ છે. આ દસ્તાબંદીના જલ્સામાં શોહદાએ કરબલાની શાનમાં શાનદાર તકરીરો થશે અને રાત્રે ૧-૪૦ વાગ્યે મુફતીએ આઝમે હિન્દના કુલ શરીફ થશે, સલાતો સલામ અને દુઆ પૂર્ણ થયા બાદ લંગરે નૂરી (આમ ન્યાઝ) જમાડવામાં આવશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# ગીર સોમનાથનો હિરણ-ર ડેમ ૭૭ ટકા ભરાયો

## જીલ્લાના અન્ય ડેમો મહત્તમ સપાટીએ અને છલકાવાની તૈયારીમાં





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા.૨૦

વેરાવળ-પાટણ સહિત ત્રણ શહેરો, સોમનાથ ટ્રસ્ટ અને બે ઉદ્યોગને પીવા-વપરાશનું વર્ષભર પાણી પુરૂં પાડતું જીવાદોરી સમાન હિરણ-ર ડેમ ગઈકાલે ૭૭ ટકા ભરાયો છે. જેને કારણે ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ તાલુકાના ૧૧ તથા તાલાળા તાલુકાના ૩ ગામોને સતર્ક કરાયા છે.

મદદનીશ એન્જી. નરેન્દ્ર પીઠીયા કહે છે કે, હિરણ-ર ડેમ ૭૭ ટકા ભરાઈ જતાં રૂલ લેવલ જાળવવા ડેમના દરવાજા ખોલવાના થશે તેની આગોતરી જાણ સંબંધકર્તાઓ અને નિયમબુક મુજબ કરી દેવામાં આવી છે. હાલ કોડીનાર પાસે આવેલ શીંગોડા ડેમ ૭૮.૮૦ ટકા ભરેલ છે અને બે દરવાજા એક એક ફુટ ખોલવામાં આવેલ છે. ઉના પાસે આવેલ રાવલ ડેમ ૪૮ ટકા ભરાયેલ છે, મચ્છુન્દ્રી ૬૧ ટકા ભરાયેલ છે અને હિરણ-૧ ડેમ ૬૪ ટકા ભરાયેલ છે. હાલ ત્રણ સીફટમાં દરેક ડેમો ઉપર કર્મચારીઓ કાર્યરત છે.

હિરણ- ૨ ડેમ દરિયાની સપાટીથી ૬૨.૪૧ મીટર ઉંચો છે. ૧૯૭૩ થી ભરવાની શરૂઆત થઈ સ્ત્રાવ વિસ્તાર ૩૪૯ ચોરસ કિ.મી. પાયેથી ઉંચાઈ ૧૫.૭૦ મીટર, ડૂબમાં ગયેલ જમીનો-ખરાબો ૫૦૯ હેકટર, પાણી છોડવાની મહત્તમ ક્ષમતા ૧ સેકન્ડમાં ૩૫૫૯ ઘનમીટર, પાણી માર્ગ પહોળાઈ ૧૪૯.૬૬ મીટર, દરવાજા -૭, એક દરવાજાની ઉંચાઈ ૧૨.૫ મીટર, પહોળાઈ ૮.૨૩ મીટર, નહેર લંબાઈ ૧૬.૫૦ કિ.મી., કુલ કમાન્ડ વિસ્તાર ૧૫,૮૫૩ હેકટર, ખેતીલાયક કમાન્ડ વિસ્તાર ૯૫૫૨.૮ હેકટર, કમાન્ડ હેઠળ તાલાળા તાલુકાના ૪, વેરાવળ તાલુકાના ૧૭ મળી કુલ ૨૧ ગામો આવે છે. હિરણ-ર ડેમનો નયનરમ્ય આકાશી નજારો પ્રસ્તુત તસ્વીરમાં જોઈ શકાય છે.

## જૂનાગઢના જાણીતા ચિત્રકાર

# રજનીકાંત અગ્રાવત અને નિરૂપાબ સોઢાતારે કલાને લઈને મુખ્યમંત્રી સાથે મુલકાત કરી



જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢના જાણીતા ચિત્રકાર રજનીકાંત અગ્રાવત તેમજ તેમના શિષ્ય નિરૂપા સોઢાતારે તા.૧૫/૭/૨૦૨૪ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની કલાને લઈને એક મુલાકાત કરી હતી તેમનું કામ જોઈને ભુપેન્દ્રભાઈ ખૂબ રાજીપો વ્યક્ત કર્યો હતો તેમજ તેમના પ્રોજેક્ટને યોગ્ય સહકાર આપવાની ખાતરી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગત તારીખ ૨૬ જાન્યુઆરીના રોજ જૂનાગઢ ખાતે ઉજવણી વખતે રજનીક અગ્રાવતનું મુખ્યમંત્રી તેમજ ગુજરાતના રાજ્યપાલે વિશેષ વ્યક્તિ સન્માન કરેલું હતું.

# શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા તૃતીય સરસ્વતી સન્માન સમારોહ યોજાશે

જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢ ખાતે શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા સોરઠીયા વાણંદ જ્ઞાતિનાં તેજસ્વી તારલાઓને સન્માનિત કરવાનાં હેતુસર તૃતીય સરસ્વતી સન્માનનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે જેમાં જ્ઞાતિનાં વિશિષ્ટ પ્રતિભા ધરાવતા વ્યક્તિઓને પણ સન્માનિત કરવામાં આવશે. ગાંધીગ્રામ ખાતે આવેલ એમ.એ. હોલમાં યોજાનાર આ કાર્યક્રમમાં ભાગ લેનાર છાત્રોની વિગત માટેના ફોર્મનું વિતરણ ચાલુ કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ જૂનાગઢ શહેર તેમજ પરા વિસ્તારમાં રહેતા સોરઠીયા વાણંદ જ્ઞાતિના છાત્રો જે સારી ટકાવારીથી ઉતીર્ણ થયેલ હોય તેને શિલ્ડ, પ્રમાણ પત્ર તેમજ શૈક્ષણિક વસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવશે. આ કાર્યક્રમ અંગે પ્રમુખ બિપિનભાઈ ભટ્ટી, રાજુભાઈ ચુડાસમા, વિજયભાઈ ચુડાસમાનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાર સ્થળોએ જુગાર દરોડામાં છ મહિલાઓ સહિત ૨૭ શખ્સો ઝડપાયા : રૂપિયા ૨.૧૬ લાખનો મુદ્દામાલ કબજે



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

ખંભાળિયા પંથકમાં સ્થાનિક પી.આઈ. બી.જે. સરવૈયા તેમજ ઈન્ચાર્જ પી.આઈ. વી.બી. પિઠીયા દ્વારા ગુરૂવારે હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન સ્ટાફના હેમતભાઈ નંદાણીયા, સામતભાઈ ગઢવી તેમજ યોગરાજસિંહ ઝાલાને મળેલી ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી, ખંભાળિયાથી આશરે આઠ કિલોમીટર દૂર સુમરા તરઘડી ગામની સીમમાં આસા સામરા લુણા (રહે. શક્તિનગર)ની કબજા ભોગવટાની વાડીમાં આવેલા મકાનમાં બહારથી માણસો બોલાવી અને જુગાર રમવા માટેના સાધનો, સગવડો પૂરી પાડી, પોતાના અંગત આર્થિક ફાયદા માટે નાલ ઉઘરાવીને રમાડાતા જુગારમાંથી પોલીસે આસા સામરા લુણા, ધવલ હરિભાઈ માયાણી, માડી ગામના ખીમાણંદ ધના જામ, ગાયત્રીનગરના લખુ મહેશ માયાણી, જડેશ્વર ટેકરી પાસે રહેતા રામ પબુ રૂડાચ, ગાયત્રીનગરમાં રહેતા મિલન લીરાભાઈ નકુમ અને મિલન ચાર રસ્તા વિસ્તારમાં રહેતા રાયદે અરજણ શાખરા નામના કુલ સાત શખ્સોને ઝડપી લીધા હતા. પકડાયેલા આ શખ્સો પાસેથી પોલીસે કુલ રૂપિયા ૬૦,૫૦૦ રોકડા તથા રૂપિયા ૫૦ હજારની કિંમતના ત્રણ નંગ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૧,૧૦,૫૦૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ ધોરણસર કાર્યવાહી કરી હતી.

મીઠાપુર તાબેના સુરજકરાડી વિસ્તારમાં એલસીબી પોલીસે ગુરુવારે સાંજના સમયે જુગાર દરોડો પાડી, અજુભા લખમણભા ભાયા નામના શખ્સના રહેણાંક મકાન નજીકથી જાહેરમાં ગંજીપાના વડે તીનપત્તી નામનો જુગાર રમી, પૈસાની હારજીત કરતા અજુભા લખમણભા ભાયા, ભારત ગોવિંદ ટાંક, હીનાબેન મનોજ નાયાણી, પાલુબેન વીરાભા માણેક, જસુબેન સુરાભા કેર, જેઠુબેન લખમણભા ભાયા અને આસુબેન નાથભા સુમણીયાને ઝડપી લીધા હતા. આ જુગારીઓ પાસેથી પોલીસે રૂપિયા ૫૦,૧૫૦ રોકડા તથા રૂપિયા ૧૧,૦૦૦ ની કિંમતના ચાર નંગ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૬૧,૧૫૦ નો મુદ્દામાલ કરજે કરી, મીઠાપુર પોલીસમાં નોંધાવવામાં આવ્યો છે. ઓખાના ભૂંગા વિસ્તારમાંથી એલસીબી પોલીસે જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમી રહેલા ગંભીરભા લખમણભા માણેક, ડાડુભા ભીખાભા માણેક નવઘણભા બાલુભા સુમણીયા, જુસબ ઈસ્માઈલ કુરેશી, અબ્દુલ ફકીરમામદ ચના, લતીફ ઈશાક સોઢા અને હુસેન નુરમામદ ચાવડાને ઝડપી લઈ, રૂપિયા ૨૧,૪૮૦ રોકડા તથા રૂપિયા ૧૦,૫૦૦ ની કિંમતના ત્રણ નંગ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૩૧,૯૮૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. અન્ય એક કાર્યવાહીમાં ઓખા મરીન પોલીસે ક્રિકેટ ગ્રાઉન્ડની સામેના ભાગેથી કરીમ દાદાઅલી મોદી, પ્રેમજી બચુભાઈ લોઢારી, અનવર યુસુફ સૈયદ, જીકર ઈસ્માઈલ બોલીમ અને સંજય ગોવિંદ ખારવાને ઝડપી લઈ, રૂપિયા ૧૧,૭૦૦ નો મુદ્દામાલ કબજે કરી, ગુનો નોંધ્યો હતો.

# ખંભાળિયામાં ભૂગર્ભજળ વ્યવસ્થાપન કાર્યક્રમ યોજાયો : જળ બચાવવા સંયુક્ત પ્રયાસો હાથ ધરાશે

## પાણીની સમસ્યા તેમજ સંગ્રહ સંદર્ભે ઉપસ્થિતોને માર્ગદર્શન અપાયું



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

ખંભાળિયામાં આવેલા નગરપાલિકાના યોગ કેન્દ્ર હોલ ખાતે ગુરુવારે સહભાગી ભૂગર્ભજળ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત ખંભાળિયા તાલુકાના પાણી અને ખેતીની સમસ્યા નિવારણ માટે છૂટાછવાયા પ્રયાસોને સંયુકત રીતે કઈ રીતે હાથ ધરી શકાય તે હેતુથી એરીડ કોમ્યુનીટીસ એન્ડ ટેકનોલોજિસ (એસીટી-ભુજ) સંસ્થા દ્વારા અઝીમ પ્રેમજી ફાઉન્ડેશન, વીન ફાઉન્ડેશન, નયારા એનર્જી, સોલીડારીડાડ, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકાના સહયોગથી તાલુકા સ્તરીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં ઉપસ્થિત મહેમાનો દ્વારા જળ આહુતી આપીને શરૂઆત કરવામાં આવી હતી. જેમાં મહાનુભાવો દ્વારા વર્તમાન સમયની જળ સમસ્યાઓ અને તેના ઉકેલ માટે, દરિયાકાંઠાના ગામોમાં પાણીની નબળી ગુણવત્તા, જમીનમાં વધી રહેલી ખારાશ અને તેની પીવાના પાણી અને ખેતી ઉપર થતી અસરો વિગેરે બાબતે ચર્ચાઓ કરવામાં આવી હતી. જળ સમસ્યાના ઉકેલના ભાગરૂપે વિવિધ માધ્યમોથી વરસાદી પાણી રીચાર્જ કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. જેમાં તળાવો ઉંડા કરવા, બંધ કુવા-બોર રીચાર્જ કરવા, ખેત તલાવડીઓ બનાવવી, ચેકડેમ રીપેરીંગ કરવા વિગેરે પ્રવૃત્તિઓ ઉપર પ્રાધાન્ય આપવા જણાવાયું હતું. આ સેમિનારમાં જિલ્લા પંચાયતના પૂર્વ ચેરમેન પી.એસ. જાડેજા, તાલુકા વિકાસ અધિકારી સેરઠીયા, નગરપાલિકા પ્રમુખશ્રી રચનાબેન મોટાણી, કારોબારી ચેરમેન રેખાબેન ખેતિયા, જિલ્લા સરપંચ સંગઠનના પ્રમુખ સુગરાબેન ગઝ્ઝણ, જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગના ચેરમેન જગાભાઈ ચાવડા, બાગાયત વિભાગના લશ્કરી સાથે ખંભાળિયા અને લાલપુર તાલુકાના સરપંચો અને તલાટી-મંત્રીઓ, ગામના આગેવાનો, ખેડૂતો, ભાઈઓ, બહેનો અને કિશોરીઓ તેમજ આ સંસ્થાઓ અને સરકારી વિભાગના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ખેડૂત ભાઈઓ અને બહેનો તેમજ સરપંચ દ્વારા તેમની સાથે થયેલા સહભાગી ભૂગર્ભજળ વ્યવસ્થાપન કામગીરીનું પણ શેરિંગ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની વ્યવસ્થા એ.સી.ટી. સંસ્થાના નોલેજ સેન્ટર ફોર કોસ્ટલ સેલીનીટી ખંભાળિયા સેન્ટરની ટીમ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના મનીષાબા જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ખંભાળિયા નજીક છકડાની પલટી : ૧૦ મુસાફરો ઇજાગ્રસ્ત



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

ખંભાળિયા - સલાયા માર્ગ ઉપર આવેલા કોઠા વિસોત્રી ગામ પાસેથી મુસાફરો લઈને જઈ રહેલા એક છકડા રીક્ષાના ચાલકે રીક્ષા ઉપરના સ્ટિયારિંગ પરનો કાબુ ગુમાવી દેતા શ્રમિકો સાથેની આ રીક્ષા પલટી થઈ ગઈ હતી. ખંભાળિયાના સંજયનગર વિસ્તારમાં રહેતા આશરે એક ડઝન જેટલા ખેત મજૂરી કરતા શ્રમિકોને લઈને જઈ રહેલી આ રીક્ષા અકસ્માતગ્રસ્ત થતા આ અકસ્માતમાં ૧૦ જેટલા શ્રમિકોને નાની-મોટી ઈજાઓ સાથે ખંભાળિયાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## ગુજરાતના ખેડૂતો માટે વધુ એક યોજના અમલમાં મૂકાઈ

# કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા રાજ્ય સરકાર ૫૦ ટકા સહાય આપશ

ગાંધીનગર, તા.૨૦

રાજ્યના ખેડૂતોને સમૃદ્ધ અને સ્વનિર્ભર બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર દ્વારા એક પછી એક સતત ખેડૂત હિતલક્ષી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન બાગાયતી પાકોનું વાવેતર અને ઉત્પાદન વધ્યું છે. બાગાયતી ઉપજોનો બગાડ અટકાવવા તેમજ ખેડૂતોને સારો બજાર ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકારે નવી યોજના અમલમાં મૂકી છે.

રાજ્ય સરકારે બાગાયતી ખેતી કરતા ખેડૂતો પોતાના ઉત્પાદનો સારી રીતે સંગ્રહ કરી શકે તે માટે ૧૦,૦૦૦ મેટ્રિક ટન ક્ષમતા સુધીના કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા અંગેની નવી યોજના અમલમાં મૂકી છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે યોજના અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં બાગાયતી પાકો માટે કોલ્ડ સ્ટોરેજ વધારવાની દિશામાં રાજ્ય સરકાર દ્વારા નવી યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ ૫,૦૦૦ મેટ્રિક ટનથી મોટા અને ૧૦,૦૦૦ મેટ્રિક ટન ક્ષમતા સુધીના કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા માટે એકમદીઠ ખર્ચના મહત્તમ ૫૦ ટકા સહાય, મહત્તમ રૂ. ૩૭૯ લાખ સુધીની સહાય આપવામાં આવશે. જે લાભાર્થીઓને ક્રેડીટ લીંક બેક એન્ડેડ સબસીડી તરીકે સહાય ચૂકવવામાં આવશે. આ નવી યોજના માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૫૦ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે.

બાગાયતી પાકો ખૂબ જ ઝડપથી બગડી જતા હોવાથી, કાપણી પછીના વ્યવથાપન અંતર્ગત પાકનો સંગ્રહ અથવા તેનું મૂલ્યવર્ધન કરવું અતિઆવશ્યક છે. કોલ્ડ સ્ટોરેજમાં બાગાયતી પાકોની ગુણવત્તા લાંબા સમય સુધી જળવાઈ રહેતી હોવાથી, ખેડૂતો તેમની ઉપજના સારા બજાર ભાવ મેળવીને આર્થિક નુકશાનથી બચી શકે છે. એટલા માટે જ, અગાઉ રાજ્ય સરકાર દ્વારા બાગાયતી પાકોના સંગ્રહ માટે ૫,૦૦૦ મેટ્રીક ટન સુધીની ક્ષમતાવાળા કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા માટે સહાય આપવામાં આવી હતી. પરંતુ રાજ્યમાં વધી રહેલા બાગાયતી ખેતીના વ્યાપ અને ઉત્પાદનને ધ્યાને રાખીને નવી યોજના અંતર્ગત કોલ્ડ સ્ટોરેજની સંગ્રહ ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે.

આ યોજનાનો અમલ થવાથી રાજ્યમાં વાર્ષિક બાગાયતી પેદાશોના સંગ્રહ માટે ૧.૨૫ લાખ મેટ્રીક ટન સંગ્રહ ક્ષમતાની માળખાકીય સુવિધાઓ ઉભી કરી શકાશે તથા રોજગારીની નવી તકો પણ ઉભી થઈ શકશે. જેના પરિણામે શાકભાજી, ફળ, મસાલા અને ફૂલ જેવા બાગાયતી પાકો ઉપરાંત પ્રોસેસ્ડ શાકભાજી/ફળ પાકોની સંગ્રહ ક્ષમતામાં વધારો થશે.

# શુક્રવારે માઈક્રોસોફટના સર્વરમાં ટેકનિકલ ખામી સર્જાઇ

નવી દિલ્હી, તા.૨૦

માઈક્રોસોફટના સર્વરમાં ટેકનિકલ ખામી સર્જાઇ છે. જેના કારણે દુનિયાભરમાં એરલાઈન્સ, ટીવી ટેલિકાસ્ટ, બેંકિંગ અને ઘણી કોર્પોરેટ કંપનીઓની કામગીરી પ્રભાવિત થઈ રહી છે. હવે આ અંગે ભારત સરકાર તરફથી નિવેદન આવ્યું છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'MEITY વૈશ્વિક આઉટેજ અંગે માઈક્રોસોફટ અને તેના સહયોગિઓ સાથે સંપર્કમાં છે. આ આઉટેજનું કારણ જાણવામાં આવ્યું છે અને સમસ્યાના ઉકેલ માટે અપડેટ્સ જાહેર કરવામાં આવ્યા છે. CERT ટેક્નિકલ એડવાઈઝરી જાહેર કરી રહ્યું છે. NIC નેટવર્ક અસરગ્રસ્ત નથી.માઈક્રોસોફટ આઉટેજ પર, બીજેપી નેતા રાજીવ ચંદ્રશેખરે કહ્યું, ''માઈક્રોસોફટ ૩૬૫ અને માઈક્રોસોફટ સ્યુટ્સ લાખો ભારતીયો દ્વારા ઉપયોગમાં લેવાય છે. આ પ્લેટફોર્મ પર કોઈપણ આઉટેજ ઘણી કંપનીઓના વ્યવસાય અને કામગીરીને અવરોધે છે. મને આશા છે કે માઈક્રોસોફટ ટૂંક સમયમાં તેની સેવાઓ પુનઃસ્થાપિત કરશે.'' સેવાઓ શક્ય તેટલી વહેલી તકે પુનઃસ્થાપિત થાય તેની ખાતરી કરવા માટે ભારત સરકાર Microsoft સાથે કામ કરશે. માઈક્રોસોફટ વિન્ડોઝ યુઝર્સ ઓપરેટિંગ સિસ્ટમમાં ખામીને કારણે સમસ્યાનો સામનો કરી રહ્યા છે. યુઝર્સ બ્લુ સ્ક્રીન ઓફ ડેથ એરર અનુભવી રહ્યા છે.

### જૂનાગઢ મહાનગરના ભાજપના કહેવાતા ભ્રષ્ટ શાસનના અંતની પૂર્વ સંધ્યાએ

# શહેર ભાજપના પ્રભારી તરીકે જામનગરના મુકેશ દાસાણીની નિમણુંક પછી ઉઠતા અનેક પ્રશ્નો ?


## 'કહાં સે આયો ઘનશ્યામ'ની જો નીતિને દાસાણી અનુસરે છે કે પછી... ??

કહાં સે આયો... ઘનશ્યામ... (વરસાદ નહીં હો... બે પગારો માનવ) આ વાક્ય આજના ગંદા રાજ કારણમાં જયારે એક કાળે ગુજરાતના મુખ્ય મંત્રી તરીકે કોઈ ને સ્વપ્રે પણ અણસાર તો ઠીક પણ વિચાર્યુ હોય તેમ ઘનશ્યામભાઈ ઓઝાને સ્થાપિત કરી દેતા દરેક પ્રિન્ટ મિડીયા એવં ગુજરાતના પત્રકાર જગતની કલમે "કહાં સે આયો ઘનશ્યામ", કંડારે લો આ શબ્દ આજના ગંદા અને પ્રપંચી રાજકારણ મા જાણે કે ગુજરાતમાં સુવર્ણ અક્ષરે આજે પણ પત્રકાર જ નહીં ગુજરાતની જનતામાં કોતરાય ગયો હોય તેમ ગુજરાતના રાજકીય પક્ષોમાં સારા એટલા મારા નહીં પણ મારા એટલા સારાની જેમ સ્થાનીક કાર્યકરો કે આગેવાનો કે પછી સ્થાનિક ભૌતિક રાજકીય પરિસ્થિતિ કે પછી જનતાના માનસમાં કેવા કેવા રાજકીય પ્રવાહો પલટાતા રહેલા છે તે નો જરા પણ રાજકીય પક્ષો પોતાના સિધ્ધાંતો કે લોક હિતમા વિચાર કરતા ન હોય તેમ ગમે ત્યારે ભર ઉનાળે વાદળાઓ ઉલટાવીને આવા ઘનશ્યામ વરસી પડે છે. તેમ વિજય પણ ગુજરાતમાં ઉપરથી ટપકી પડેલા ને નીતીન પીડાય ગયા. રાજય સભામાં લોકસભાની ની ચૂટણીઓમા ઉમેદવારીની પસંદગીઓ બોર્ડ નિગમો તો ઠીક પરંતુ તાલુકા જિલ્લાના સ્વરાજી-સહકારી જેવા ગ્રામ્ય વિસ્તારના સ્થાનીક સંસ્થાઓની ચૂંટણીના ઉમેદવારોથી લઈને પ્રમુખ-ઉપપ્રમુખોને ઉપરથી ઠોકી બેસાડવામાં માહિર ગણાતા ભાજપના ન મો અને અમિત શાહ ઘણા જ માહિર ગણાય છે. જેમાં સી.આર પાટીલ આવતા તો આ કહેવત વધુ મજબુત બની. જો કે તે સમયે ભાજપ માટે વાત જુદી હતી.

મતલબ કે તાજેતરની લોક સભાની ચૂંટણી જાણે કે ભાજપે ટીપે ટીપે ભરેલું રાજકીય સરોવર કહાં સે આયો ઘનશ્યામની નિતિથી જાણે કે લીકેજ થતુ જતુ હોય તેમ ભાજપના વળતા પાણી વચ્ચે પણ હજુ કહાં સે આયા ઘનશ્યામની કેટલે અંશે ઉચિત ?

આ પ્રશ્ન અત્યારે જૂનાગઢ મહાનગરના ભાજપના કહેવાતા ભ્રષ્ટ શાસનની વિદાય પછી ટુંક સમયમાં થનાર ચૂંટણીના અનુસંધાને શહેર ભાજપના પ્રભારી તરીકે જામનગરના કોઈ દાસાણીની નિમણૂક કરતા સંનિષ્ઠ નિષ્ઠાવાન એવા પાયાના નાના મોટા આગેવાન કાર્યકરોમાં ગંભીરતા સાથે ચર્ચાનો મુદો બનેલો જોવા મળે છે.

### ઉચ્ચ હોટેલ, ગીરના વૈભવી ફાર્મ, ખાણી-પીણી સહીત અનેક લોભામણી સુવિધાઓનું થતું આગોતરૂ આયોજન



ભાજપ શાસિત જૂનાગઢ મહાનગરના એક થી એક ચડીયાતા ભ્રષ્ટાચાર અને વિકાસના નામે આડેધડ નિતિ નિયમોની ઐસી કે તૈસી કરીને થયેલા કામોના કારણે છેલ્લા એક વર્ષથી જૂનાગઢની સામાન્ય આમ જનતા તો ઠીક પરંતુ ભાજપના સંનિષ્ઠ પાયાના કાર્યકરો આગેવાનો પણ ત્રસ્ત જોવા મળેલ છે. તેવા સમયે શહેર ભાજપના નવ નિયુક્ત પ્રભારી સફળ થાય કે નહીં તે પછીની વાત છે.

પણ કહાં સે આયો ઘનશ્યામ એ નિતિ હવે પછી જો ચાલુ રાખી સ્થાનિક પરિસ્થિતિ કે બદલાયેલા રાજકીય પ્રવાહનો ઊંડો અને તલ સ્પર્શી અભ્યાસ કર્યા વગર મારા એટલા સારાની નિતિ અપનાવી કહેવાતા ભ્રષ્ટ માનસના કે જે ભાજપ પર એક યા બીજા પ્રકારે હાવી થઈ ગયેલાં છે તેવા ઓને જો પુનઃ રિપીટ કરવાની અગાઉની કુટ નીતી જો ચાલુ રાખવામા આવશે તો....?

## લોઢાના ચણાને પીગળાવવા ભાજપ ઉપર હાવી થઈ ગયેલાઓ કહેવાતા નેતાઓ સક્રીય...?

મતલબ કે પ્રભારી દાસાણીએ લોઢાના ચણા ચાવવાના છે. તે વાત જૂનાગઢમાં ભાજપ પર હાવી થઈ ગયેલાં કહેવાતા ખંધા આગેવાનો જાણતા હોવાથી લોઢાના ચણાને ભારે અગ્નિમાં નાખીને પિગળાવવાની કુટનિતિ પ્રભારી દાસાણીને પોતિકા કરવા એવં પ્રભારી દાસાણીની સરભરા માટે ઉચ્ચ હોટલથી માંડીને ગીરના રીસોર્ટ્સ, ખાણી પિણી સહિતના આગોતરા આયોજનો અત્યારથી જ શરૂ થઈ ગયો છે... જે કહેવાય તે પણ આ વખતે લોટમાં લીટા તો નથી જ. લોઢાના ચણા ચાવવા બરાબર છે. છે. ને છે. અને તેમાય જો જેનું અસલ રાજકીય ગોત્ર જનસંઘ – ભાજપ. નથી એવં ઉછીના લીધેલા છે તેવા પક્ષમાં ઘુસ મારીને ઉચ્ચ પદે ચીપકી ગયેલાઓથી તો દાસાણી અત્યાર થી જ જેટલા દુર રહે છે તેટલો ફાયદો ભાજપ ને મળશે તેવું જૂનાગઢ ના બૌધ્ધિકો.. અને રાજકીય તજજ્ઞો માની રહ્યા છે.

શહેરમા ફરતા...ફરતા..
સિ. પત્રકાર ગોરધન પાઘડાર

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનેક સ્થળોએ મેઘરાજાનો પ્રકોપ : દ્વારકામાં ૧૫ ઈંચ વરસાદથી વ્યાપક હાલાકી






(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે દિવસથી મેઘરાજાએ સટાસટી બોલાવી છે. ત્યારે શુક્રવારે જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં મુશળધાર વરસાદના કારણે ભારે હાલાકીભર્યા દ્રશ્યો સર્જાયા હતા. જેમાં સૌથી વધુ ૧૫ ઈંચ વરસાદ સાથે દ્વારકા તાલુકો કફોડી હાલતમાં મુકાઈ ગયો છે. આ સાથે દ્વારકામાં ગત સાંજે બે કલાકમાં સાંબેલાધારે ૧૦ ઈંચ જેટલો વરસાદ વરસી જતા ભારે હાલાકીભર્યા દ્રશ્યો જોવા મળ્યા હતા. કલ્યાણપુર તાલુકામાં ગઈકાલે દિવસ દરમિયાન ભારે ઝાપટા રૂપે કુલ સાડા ૫ ઈંચ જેટલો (૧૩૪ મી.મી.) વરસાદ વરસી ગયો હતો હતો. ધોધમાર વરસાદના પગલે ગ્રામ્ય વિસ્તારોના અનેક માર્ગો બંધ થઈ ગયા હતા.

**દ્વારકામાં નભ નિચોવાયું : ૧૫ ઈંચ વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત**

દ્વારકામાં ગત સાંજે આભ ફાટ્યું હોવાની સ્થિતિ સર્જાઈ હતી. શુક્રવારે સાંજે ચાર થી છ વાગ્યે દરમ્યાન ધોધમાર ૧૦ ઈંચ સાથે છેલ્લા પાંચેક કલાકમાં આશરે ૧૨ ઈંચથી વધારે વરસાદ પડતા દ્વારકા શહેર વરસાદી પાણીમાં ડૂબ્યું હોય તેવું ચિત્ર ખડું થયું હતું. દ્વારકાના મુખ્ય માર્ગો તેમજ નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. અનેક સ્થળે નીચાણવાળા ભાગોમાંથી તંત્ર દ્વારા લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. ઈસ્કોન ગેઈટ, ગુરૂદ્વારા, તોતાદ્રી મઠ જેવા અનેક નીચાણ વાળા વિસ્તારોમાં રહેતા લોકોના ઘરમાં પાણી ઘૂસી ગયા હતા. જેથી તેઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. દ્વારકામાં આજે સવારે ૨૪ કલાક દરમ્યાન ૧૫ ઈંચ જેટલો (૩૭૨ મી.મી.) વરસાદ નોંધાયો છે.

**કલ્યાણપુરમાં ૩૬ કલાકમાં સાંબેલાધારે ૧૬ ઈંચ વરસાદ : એનડીઆરએફની ટીમનું આગમન**

કલ્યાણપુરના ભારે વરસાદના કારણે બતડીયા, ભાટિયા, રાવલ, ધતુરીયા, ટંકારીયા, રાજપરા, વીગેરે ગામોમાં પણ આઠથી દસ ઈંચ વરસાદ વરસી ગયાનું જાણવા મળેલ છે. કલ્યાણપુર તાલુકાના અનેક ગામોના ભારે વરસાદના પગલે ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. તાલુકાના લીંબડીથી દ્વારકા વાયા ચરકલા જતે રસ્તે રેણુકા નદીમાં પુર આવતા આ રસ્તો કલાકો સુધી બંધ થઈ ગયો હતો. ભાટિયાના કાલેશ્વર મહાદેવ પાસેના વિસ્તારોના અનેક મકાનમાં ત્રણ-ત્રણ ફૂટ પાણી ભરાઈ જતા લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. તાલુકાના હરીપર ગામ પાસે આવેલું એક તળાવ તૂટતા આ ધોધમાર વરસાદના પગલે હરીપર ગામથી પાનેલી તરફ જતા માર્ગે ઊર્જા વિભાગની એક બોલેરો પાણીના કાઢીયામાંથી પસાર થતી વખતે ધોધમાર વહેણના કારણે તણાવવા લાગી હતી. જો કે સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ ન હતી. ભારે વરસાદના પગલે લીંબડી - ચરકલા - દ્વારકા રોડ ઉપર પાણી ફરી વળતા રસ્તો લાંબો સમય આ રસ્તો બંધ રહ્યો હતો.

### દ્વારકામાં સાંજે બે કલાકમાં ૧૦ ઈંચ વરસાદ ખાબક્યો : જનજીવન અસ્તવ્યસ્ત

કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે ભારે વરસાદના કારણે સાવચેતીના પગલાં રૂપે એન.ડી.આર.એફ.ની ટીમનું આગમન થયું હતું અને તેમણે જરૂરી મોરચો સંભાળ્યો હતો.

**ખંભાળિયામાં ૩ ઈંચ વરસાદ : નદીનાળા તરબતર**

ખંભાળિયા પંથકમાં મેઘરાજાએ જારી રાખેલા મુકામમાં સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા દરમિયાન ધોધમાર ૩ ઈંચ જેટલું પાણી વરસાવી દીધું હતું. આમ, ખંભાળિયા તાલુકામાં ૩ ઈંચ (૭૬ મી.મી.) વરસાદ નોંધાયો હતો. જો કે ગતસાંજથી માત્ર હળવા ઝાપટા જ વરસ્યા હતા. ખંભાળિયા તાલુકાના જામનગર પટ્ટીના વાડીનાર, ભરાણા વિગેરે ગામમાં બે દિવસમાં ૮ થી ૧૦ ઈંચ વરસાદ વરસી ગયો હતો. જયારે ભાણવડ પટ્ટીના ગામોમાં ચારથી પાંચ ઈંચ વરસાદ વરસ્યાના વાવડ છે. ખંભાળિયા નજીકના ગોઈંજ પાસે પાંચ કોઝવે પર પાણી ફરી વળ્યા હતા. જેથી ગ્રામ્ય લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. તાલુકામાં સસરાચર વરસાદના કારણે નાના-મોટા જળ સ્ત્રોતો મહદ અંશે ભરાઈ ગયા હતા.

**ભાણવડ તાલુકામાં વરસાદી ઝાપટઃ ૫ મી.મી.**

ભાણવડ પંથકના ગઈકાલે દિવસ દરમ્યાન માત્ર હળવા તથા ભારે ઝાપટા વરસ્યા હતા. જેથી માત્ર ૫ મી.મી. પાણી વરસ્યું હતું. હાલ આ વિસ્તારના જળસ્ત્રોતોમાં વ્યાપક પ્રમાણમાં પાણી સંગ્રહિત છે

**જિલ્લામાં કુલ વરસાદના આંકડા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સૌથી વધુ ખંભાળિયા તાલુકામાં ૩૮ ઈંચ (૯૫૧ મી.મી.), કલ્યાણપુર તાલુકામાં ૩૫ ઈંચ (૮૬૯ મી.મી.), દ્વારકા તાલુકામાં ૩૩ ઈંચ (૮૧૪ મી.મી.) અને ભાણવડ તાલુકામાં ૨૦ ઈંચ (૪૮૧ મી.મી.) વરસાદ વરસી ચૂક્યો છે. જિલ્લામાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૩૧ ઈંચ સુધી પહોંચ્યો છે. જિલ્લાના અનેક ગામોમાં ગુરુવારે રાત્રે ભારે વીજળીના ગગડાટ અવિરત રીતે રહ્યા હતા. પરંતુ ભગવાન દ્વારિકાધીશે જાણે જિલ્લાની રક્ષા કરી હોય તેમ કેટલાક મકાન કે વીજ ઉપકરણોને નુકસાની બાદ કરતા કોઈ મોટી જાનહાની કે નુકસાની થઈ ન હતી. આ સાથે જિલ્લા પ્રશાસન પણ તમામ વ્યવસ્થા માટે અવિરત રીતે સક્રિય રહ્યું હતું.

ગઈકાલના ૧૪ ઈંચ વરસાદ બાદ આજરોજ સવારે પણ મેઘરાજાએ પુનઃ ત્રાટકી અને સવારે ત્રણેક કલાકના સમયગાળામાં વધુ ચાર ઈંચ જેટલો વરસાદ વરસાવી દીધો છે. દ્વારકા તાલુકામાં આજે પણ સવારથી મેઘાવી માહોલ ઘુંટાયો હતો અને સવારે આશરે સાતેક વાગ્યાથી ધીમીધારે શરૂ થયેલા વરસાદે વેગ પકડતા સવારે ૧૦ વાગ્યા સુધીમાં ૪ ઈંચ જેટલો (૮૮ મી.મી.) વરસાદ વરસી ગયો હતો. જેના કારણે અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયા હતા. પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે તંત્ર દ્વારા અવિરત રીતે દોડધામ જારી રાખવામાં આવી હતી. હાલ દ્વારકા તાલુકાનો કુલ વરસાદ ૩૬ ઈંચથી વધુ વરસી જવા પામ્યો છે. દ્વારકા જિલ્લામાં ભારે વરસાદના પગલે શિક્ષણ તંત્ર દ્વારા જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં આજરોજ સવારે રજા જાહેર કરી દેવામાં આવી હતી. આમ, દ્વારકા તાલુકાને બાદ કરતા જિલ્લાના અન્ય ત્રણ તાલુકાઓ ખંભાળિયા, કલ્યાણપુર અને ભાણવડમાં મહદ અંશે મેઘ વિરામ રહ્યો છે. જુદા જુદા વિસ્તારોમાં છૂટાછવાયા હળવા ઝાપટા વરસ્યા હતા.

# રાજકોટ ડિવિઝનના ૪ કર્મચારીઓને શ્રેષ્ઠ કામગીરી બદલ ડીઆરએમએ કર્યા સન્માનિત

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૦

રાજકોટ ડીવીઝનલ રેલ્વે મેનેજર અશ્વિનીકુમારે રાજકોટ ડીવીઝનમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૪ કર્મચારીઓનું સન્માન કર્યુ હતું. પી.આર. રાઠોડના રેલ મદદ ફરિયાદ સેલની ટીમનું સતત ૨૪*૭ કામ કરવા, ફરિયાદોનો ઝડપી નિકાલ કરવા અને મુસાફરોના પ્રતિસાદમાં ઉત્કૃષ્ટ અભિપ્રાય મેળવવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. વધુમાં, શ્રી માણિક રાજની એક્સિડન્ટ રિલીફ વ્હીકલની ટીમે વિવિધ ગેજેટ્સનું નિર્માણ કર્યુ જેનાથી કાર્યની કાર્યક્ષમતામાં



વધારો થયો. જીતેન્દ્ર કુમારની ટીમે સીઆરઓ (કેટલ રન ઓવર)ના કારણે જામનગરમાં વંદે ભારતના લોકો(એંજિન)ના ડોમ કવરનું સમારકામ કર્યું હતું જે નાઈટ શિફ્ટમાં ટ્રેનને મોડું કર્યા વિના સમારકામ કરવામાં આવ્યું હતું. આ તમામ નોંધપાત્ર કાર્યો માટે, તમામ કર્મચારીઓને તેમના ઉત્તમ કાર્ય અને રેલ્વે સેવા પ્રત્યેના સમર્પણ માટે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજકોટ ડીવીઝનના સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર અભિષેકકુમાર સિંઘ ઉપસ્થિત રહ્યા હતા.

# રવિવારે ગુરૂપૂર્ણિમા ગુરૂદેવની પૂજા

આવતીકાલે અષાઢ સુદ પૂનમ ને રવિવાર તા. ૨૧-૭-૨૪ ના દિવસે ગુરૂપૂર્ણિમા છે ગુરૂ પૂજન નું અનેરૂ પર્વ. ગુરૂપૂર્ણિમાના દિવસે સૌ પ્રથમ તો સવારના નિત્ય કર્મ કરી પોતાના માતા પિતા અને વડીલોને પગે જરૂર લાગવુ ગુરૂપુજનનું મહત્વ અનેરૂ છે . ગુરૂજીને સૌપ્રથમ ચાંદલો ચોખા કરવા . પગે લાગવું ત્યારબાદ ગુરૂજીના જમણા પગના અંગુઠા ઉપર પાંચ ચમચી પંચામૃત અને ત્યારબાદ બે ચમચી પાણી ચડાવી ચોખ્ખા જળથી અભિષેક કરી પગધોવા તે પાણીનું ચરણામૃત લેવું. ગુરૂજીને મીઠાઈ તથા ભેટ અર્પણ કરવી પગે લાગવું. જે નિશાળમાં ભણતા હોય અથવા તો કોલેજમાં ભણતા હોય ત્યાં ના શિક્ષક અથવા પ્રોફેસરનું પણ તેનું પણ ગુરૂ તરીકે પૂજન કરી શકાય છે જો કોઈ પણ ગુરૂ ન હોય તો મહાદેવજી ને રામ ભગવાન અથવા શ્રીકૃષ્ણ ભગવાન ને ગુરૂ માની શકાય છે સાથે ગીતા નુ પુસ્તક રાખી તથા મહાદેવજી અથવા શ્રીકૃષ્ણ ભગવાનની છબી રાખી અને ગુરૂપૂજન કરી શકાય છે.

- શાસ્ત્રી રાજદીપ જોશી

# માણાવદરમાં હિન્દુ મુસ્લીમ એક્તા અને ભાઈચારા સાથે શાંતિપુર્વક મહોરમનો તહેવાર ઉજવાયો



(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૨૦

માણાવદર સમસ્ત મુસ્લીમ સમાજ તરફથી મહોરમનો તહેવાર ઉજવવામાં આવ્યો હતો. દશ દિવસ સુધી ઈમામ હુસેનની શહાદતના ઈતિહાસ સાથે દાસ્તાને કરબલા કાર્યક્રમ



### પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે તાજીયાનું ઝુલુસ નિકળ્યું

રાખવામાં આવ્યો હતો. જેમાં ખેડાના હાફીઝ હબીબુલ્લાહ સાહેબ અને ધોરાજીના મૌલાના અકબર શામી સાહેબે તકરીરો ફરમાવી હતી. પ્રોગ્રામનું સંચાલન મતીનભાઈ કાઝીએ કર્યું હતું.

જુદી જુદી કમીટીઓ તરફથી છબીલ, ન્યાઝ, સરબત, શિરની, ફાતીહા ખ્વાની રાખવામાં આવ્યા હતા. તાજીયા કમીટીઓ એ કલાત્મક તાજીયાઓ બનાવ્યા હતા. નવમી મહોરમે તાજીયા પડમાં આવ્યા ત્યારે સાંજે અને રાત્રે માણાવદર ટાઉનમાં ઝુલુસ નિકળ્યું હતું. દશમી મહોરમે રાત્રે તાજીયાનું ઝુલુસ નિકળ્યું હતું જે રાત્રે અઢી વાગ્યે કબ્રસ્તાન પાસે પુર્ણ થયું હતું. હિન્દુ મુસ્લીમ એક્તા અને ભાઈચારા વચ્ચે સંપુર્ણ શાંતિ પૂર્વક મહોરમના તહેવારની ઉજવણી થઈ હતી.

માણાવદરના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી બારોટ સાહેબે સતત ખડે પગે હાજર રહી ચુસ્ત પોલીસ બંદોબસ્ત જાળવ્યો હતો. માણાવદર યુનીટના હોમગાર્ડ કમાન્ડર અનુભાઈ બેલીમની હાજરીમાં હોમગાર્ડ જવાનો એ સતત ખડે પગે રહી બંદોબસ્ત જાળવ્યો હતો. હિન્દુ - મુસ્લીમ સમાજના આગેવાનો, માણાવદર સમસ્ત મુસ્લીમ સમાજના ટ્રસ્ટીઓ, અલગ અલગ કમીટીઓના સભ્યો, મુસ્લીમ સમાજના વડીલો, યુવાનો, બાળકો, માતાઓ, બહેનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. માણાવદર સમસ્ત મુસ્લીમ સમાજના પ્રમુખ હુસેનભાઈ દલ એ તમામનો આભાર માન્યો હતો.

# ખંભાળિયા, ભાણવડના અનેક ડેમો છલકાયા : ગ્રામ્ય લોકોમાં હરખ : સિંહણ તથા સતસાગર ડેમ ઓવરફ્લો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૦

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બે દિવસના સતત મેઘ મુકામ વચ્ચે ગઈકાલે અનેક મોટા ડેમો પણ છલકાઈ રહ્યા હોવાના સમાચારો છે. ખંભાળિયા - જામનગર માર્ગ ઉપર આવેલા મહત્વના એવા સિંહણ ડેમમાં ઉપરવાસના ભારે વરસાદના કારણે દસ ફૂટ જેટલું નવું પાણી આવ્યું હતું. જેના પગલે શુક્રવારે સવારે સિંહણ ડેમ ઓવરફ્લો થઈ ગયો હતો. સાંજે ડેમ ત્રણ ફૂટે ઓવરફ્લો જતા નયનરમ્ય દ્રશ્યો જોવા મળ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સિંહણ ડેમમાંથી સલાયા, આંબલા, વાડીનાર, માંઢા સહિતના એક ડઝન જેટલા ગામોને પીવાનું પાણી મળે છે. જેથી ગ્રામ્ય વિસ્તારના લોકોમાં આનંદની લાગણી વ્યાપી હતી. ખંભાળિયા નજીક આવેલો મોટો ગણાતો કોલવા ગામનો ડેમ પણ છલકાઈ જતા તેના પાણીની સીધી આવક અહીંના ધી ડેમમાં થવા પામી છે. ભાણવડની જીવા દોરી સમાન સતસાગર ડેમ પણ ગઈકાલે છલકાઈ જતા ભાણવડવાસીઓમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી. ખંભાળિયા પંથકમાં ધી ડેમ નજીકના ગામડાઓમાં ધોધમાર વરસાદના પગલે અહીંના ઘી ડેમમાં નવા નીરની ધીંગી આવક થવા પામી હતી અને બે દિવસમાં આશરે છ ફૂટ જેટલું નવું પાણી આવી જતા ડેમની સપાટી ૧૬ ફૂટ સુધી પહોંચી છે. ૨૦ ફૂટનો ઘી ડેમ આજ-કાલમાં જ છલકાઈ જાય તેવી સંભાવનાઓ પણ જોવા મળી રહી છે. આ ઉપરાંત જિલ્લાના મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોના નદી નાળાઓ તેમજ ચેક ડેમો સંપૂર્ણપણે ભરાઈ ગયા છે.

# જૂનાગઢ-ગીર સોમનાથમાં મેઘો અનરાધાર : વેરાવળ નજીક ફોરટ્રેક હાઈવે પર પાણી ફરી વળ્યા








## વાહન વ્યવહાર અસરગ્રસ્ત : ગીર સોમનાથ અને જૂનાગઢ જીલ્લામાં જળ પ્રલયનાં દ્રશ્યો : ૮૩ ગ્રામ્ય માર્ગો બંધ : સંખ્યાબંધ ગામો સંપર્ક વિહોણા

જૂનાગઢ તા. ૨૦ છેલ્લા ૨૪ કલાક કરતા વધુ સમયથી જૂનાગઢ શહેર જીલ્લામાં મેઘો અનરાધાર વરસી રહયો છે. જીલ્લાનાં તમામ ૧૦ તાલુકામાં બારેમેઘ ખાંગા થયા હોય તેમ વરસાદ પડી રહયો છે. આજે સવારથી પણ મેઘાએ ભારે મંડાણ કર્યુ છે. અને આ લખાઈ રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ વંથલી અને જૂનાગઢમાં આજે સવારથી બપોર સુધીમાં વધુ બે ઈંચ વરસાદ ખાબકયો છે. જૂનાગઢ જીલ્લામાં પડેલા ભારે વરસાદને કારણે જીલ્લાનાં ૮૩ ગ્રામ્ય માર્ગો બંધ છે. જેને કારણે સંખ્યાબંધ ગામોનો સંપર્ક કપાઈ ગયો છે. ૪૩ ગામોમાં વિજ પુરવઠો ઠપ્પ થઈ ગયો છે. જીલ્લાનાં ૧૯માંથી ૯ ડેમ ઓવરફલો થઈ રહયા છે. જૂનાગઢ જીલ્લા ડીઝાસ્ટર કંટ્રોલ રૂમનાં આંકડા મુજબ જૂનાગઢ જીલ્લામાં માણાવદર, વંથલી, કેશોદ ખાતે ૧૦૦ ટકાથી વધુ વરસાદ પડી ચુકયો છે. જયારે સમગ્ર જીલ્લાનો કુલ સરેરાશ વરસાદ ૮૭ ટકા થયો છે. જૂનાગઢ જીલ્લામાં આવેલા નદી, નાળા, ચેકડેમ છલકાઈ ગયા છે. જેમાં જૂનાગઢ શહેર નજીક આવેલ હસ્નાપુર ડેમ પણ છલકાવવાની તૈયારીમાં છે. જયારે વિલીંગ્ડન ડેમ, બાંટવા ખારો, ઓઝત વીયર-૧-૨, ઓઝત શાપુર ડેમ ઓવરફલો થઈ રહયા છે. જયારે જૂનાગઢ નજીક ગિરનાર પર્વતમાંથી નીકળતી નદીઓ કાળવો, સોનરખ, લોલ, ગુંડાજલી નદી બે કાંઠે વહી રહી છે.

જૂનાગઢ જિલ્લામા પડેલા સાર્વત્રિક વરસાદથી તારાજી સર્જાઈ છે. સમગ્ર જૂનાગઢ જિલ્લાના ૮૩ રસ્તાઓ ઉપર વરસાદી પાણી ફરી વળતા, વાહનોની અવર જવર માટે બંધ કરી દેવાયા છે. ધોધમાર વરસેલા વરસાદનું પાણી જૂનાગઢ જિલ્લાના ૬૨ ગામની ફરતે ફરી વળ્યું હોવાથી જમીન માર્ગે આ ગામોનો સંપર્ક થઈ શકે તેમ નથી. જો કે જિલ્લા કલેકટર કચેરીએ કંટ્રોલ રૂમ મારફતે ગામનો સંપર્ક કરીને સ્થિતિ અંગે માહિતી મેળવી છે. જૂનાગઢ જિલ્લામાં વરસેલા ભારે વરસાદને પગલે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને, સાવચેતીના ભાગરૂપે ૧૪ રૂટ પર દોડતી એસટી સેવા હાલ પુરતી સ્થગિત કરવાની ફરજ પડી છે. સમગ્ર જૂનાગઢ જિલ્લામાં આવેલા નાના મોટા જળાશય પૈકી ૯ ડેમ ઓવરફલો થયા છે. ઓવરફલો થયેલા જળાશયને કારણે હેઠવાસમાં આવતા ગામને એલર્ટ કરાયા છે. માળીયામા ઘસમસતા પૂરના પાણીમાં એક ઈકો કાર ચાલક પાણીમાં તણાઈ ગયો હોવાનો બનાવ બન્યો હતો. જો કે, આ ઈકો કારચાલક સહી સલામત રીતે મળી આવતા તંત્રે હાશકારો અનુભવ્યો છે.

જૂનાગઢ શહેરમાં ભારે વરસાદ પડી રહ્યો છે જેના કારણે જોષીપરા અંડરબ્રિજ અને ઝાંઝરડા અંડરબ્રિજ સરોવરમાં ફેરવાઈ ગયા છે અને વાહનવ્યવહાર બંધ થઈ જતાં ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાયા છે.

### મામલતદાર કચેરીના કન્ટ્રોલ રૂમનો ફોન બંધ કેમ ?

# માણાવદર પંથકમાં ૮ થી ૧૧ ઈંચ સુધી વરસાદથી અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા




(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૨૦

માણાવદર પંથકમાં ગઈકાલે બપોર બાદ શરૂ થયેલ ભારે વરસાદના પગલે ગઈકાલ સાંજ સુધીમાં ૮ થી ૯ ઈંચ શહેરમાં તથા ગ્રામ્યમાં પણ ૮ થી ૧૧ ઈંચ સુધી ભારે વરસાદથી અનેક ગામો સંપર્ક વિહોણા થયા છે ?

ભારે વરસાદથી સવારે સરાડીયા રોડ ઉપર પાણી ફરી વળેલ જેથી પોરબંદર તરફનો રૂટ બંધ રહેલ હજી વરસાદ અને ડેમો તથા નદીના પુરના કારણે બાંટવા ડેપોના ૧૦ રૂટની નીચે આવતી ૬૦ થી ૭૦ ગામડાની એસટી સુવિધા પુર પ્રભાવના કારણે બંધ છે. સરાડીયા રૂટનું કાંઈ નક્કી નહી કયારે પાણી આવી જાય તે અંગે અશોકભાઈ રામ દ્વારા આ રોડનો કાયમી ઉકેલ કરવા માંગ કરી છે.

તાલુકાના સારંગપીપળી ગામમાં ૧૧ ઈંચ વરસાદ પડયાનું સરપંચ કાન્તીભાઈ મારૂએ જણાવેલ છે. જેથી પુરના પાણી ગામ ફરતે ફરી વળ્યા હતા.

પુર પાણીના કારણે સ્કુલ તથા દવાખાનું બંધ રાખવાની ફરજ પડી હતી તથા ત્રણ ચેક ડેમોના પાળા ધોવાતા એક ગેલન પાણી વહી ગયું, પુર પાણીથી પ્લોટ વિસ્તારનાં સંપર્ક કપાયો હતો. સરપંચની માંગ છે કે પુલ ઉંચો કરી દેવાય તો ઈમરજન્સી જરૂર તો બંધ ના રહે હાલ આવી સ્થિતીમાં ઈમરજન્સી સુવિધા મળે નહી.

હાલ પુર પાણી ફરી વળતાં કોડવાવ, થાપલા, સમેગા, ચિખલોદ્રા, મટીયાણા, પાદરડી, ગણા, વેકરી, પીપલાણા, આંબલીયા, કોયલાણા, ઈન્દ્રા સંપર્ક વિહોણા થયા હતા. જેમાં માંડોદરા, ભીંડોરા, લીંબુડા, માંડોદરાનો સંપર્ક ચાલુ થયાનું ટીએસઓ જણાવેલ.

બાંટવા ખારા ડેમ ના દરવાજા ૦.૬૦ મીટર ખુલ્લા છે જે વહેલી સવારે ૮ દરવાજા ખુલ્લા હતા સાંજે તે ૩ ખુલ્લા છે.

હાલ પંથકમાં ભારે વરસાદ વચ્ચે મામલણદાર કંન્ટ્રોલ રૂમનો લેન્ડ લાઈન બંધ આવે છે તો વારંવાર વીજ કાપ અને ચાલુ બંધ પાવર થતો હોય પ્રજાજનો ત્રાહીમામ પોકારી ઉઠયા છે તો પુર પાણી વચ્ચે પણ વીજ સમારકામ કરતાં કર્મચારી નજરે પડે છે. હાલ ખેતરો, ડેમો, વોકળા ભયજનક રીતે વહી રહયા છે. હજી કોઈ જાનહાની કે અન્ય ઘટના બની નથી.

## જૂનાગઢના ગિરનારી ગ્રુપ દ્વારા વસતા વરસાદમાં જરૂરિયાતમંદ લોકોને ભોજન પ્રસાદ, રેઈનકોટ અને ચપ્પલનું કરાયેલું વિતરણ




ત્યાગ, સેવા અને સમર્પણનું પ્રતિક એટલે ગિરનારી ગ્રુપ : જગદીશભાઈ દતાણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, તાજેતરમાં મોન્સુનની સિઝન ચાલી રહી છે. જેમાં જૂનાગઢ શહેરની ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વરસાદથી બચવા માટે દાતાશ્રીઓના સહયોગથી રેઈનકોટ તથા પગમાં પહેરવા માટેના ચપ્પલનું વિતરણ કરવામાં આવેલ હતું. જેની સાથે આ લોકોની જઠરાગ્નિને ઠારવા માટેનો નાનકડો એવો પ્રયાસ ભોજન પ્રસાદ કરાવીને અવાર-નવાર કરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓમાં ગિરનારી ગ્રુપના સભ્યઓ દિનેશભાઈ રામાણી, સમીરભાઈ ઉનડકટ, પ્રોફેસર પી. બી. ઉનડકટ સાહેબ, બીપીનભાઈ ઠકરાર, કશ્યપભાઈ દવે, અક્ષયભાઈ કુબાવત, પરેશભાઈ સાવલિયા, સુધીરભાઈ રાજા, વિશાલભાઈ અભાણી સહિતના લોકોએ પોતાની સેવા આપેલ હતી. તેમ યાદીના અંતે જણાવેલ હતું.

## ઝરીયાવાડા ગામે બંધ મકાનમાંથી ૮૦ હજારની મતાની ચોરી થઈ

શીલ તા.૨૦

શીલ તાબેના ઝરીયાવાડા ગામે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવતા રૂા.૮૦ હજારની મતાની ચોરી કરી ગયાની ફરીયાદ શીલ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ઝરીયાવાડા ગામે વાડી વિસ્તારમાં રહેતા જગદીશભાઈ ખીમાભાઈ મેવાડાએ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, તા.૨-૭-૨૪ના ૧૦ વાગ્યા થી તા.૧૩-૭-૨૪ના ૧૨ વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યો શખ્સ ફરીયાદીના મકાનના કબાટના લોકરમાંથી સોનાના બે ચેઈન કિ.રૂા.૬૦ હજાર તથા બે વીંટીઓ કિ.રૂા.૨૦ હજાર મળી કુલ રૂા.૮૦,૦૦૦ની મતાની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## તોરણીયા નકલંકધામ ગુરૂપૂર્ણિમા મહોત્સવ પુ. રાજેન્દ્રદાસ બાપુના સાનિધ્યમાં ગુરૂપૂજન, મહાપ્રસાદ, સંતવાણીનું આયોજન




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

ધોરાજી નજીક આવેલ સંતશ્રી સેવાદાસ બાપા આશ્રમ શ્રી ધારેશ્વર મહાદેવ મંદિર નકલંકધામ ખાતે સંત રાજેન્દ્રદાસ બાપુના સાનિધ્યમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં સવારે ૯ કલાકે ગુરૂપૂજન બપોરે મહાપ્રસાદ અને રાત્રે ૯ કલાકે ભવ્યસંતવાણીના કાર્યક્રમમાં રામદાસ ગોંડલીયા, બિરજુ બારોટ, ગોપાલ સાધુ, પૂનમબેન ગોંડલીયા સહિતના કલાકારો જમાવટ કરશે. તો આ પ્રસંગે ધર્મપ્રેમી જનતાને લાભ લેવા પુ. રાજેન્દ્રદાસ બાપુએ નિમંત્રણ પાઠવેલ છે.


## માળીયાહાટીનામાં પરણીતાએ એસીડ પી લેતા સારવાર દરમ્યાન મોત

માળીયા હાટીના તા.૨૦

માળીયા હાટીના ગામે રહેતી પરણિતાએ કોઈ કારણોસર પોતાના સાસરીયાના ઘરે એસીડ પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું માળીયા હાટીના પોલીસમાં નોંધાયુ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માળીયા હાટીના પોલીસ મથકે ભુપતભાઈ બાવાભાઈ સીંધવે જાહેર કરેલ કે મૃતક નીમુબેન અનુરાજસિંહ સિસોદીયા(ઉ.વ.૨૨)વાળએ પોતાના સાસરીયાના ઘરે કોઈપણ અગમ્ય કારણોસર એસીડ પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી.

## જૂનાગઢ ભગવત ગુરૂ આશ્રમ સુર્યમંદિર દ્વારા ગુરૂપુર્ણિમા મહોત્સવ પુ.જગજીવનદાસબાપુના સાનિધ્યમાં આજે રાત્રે સંતવાણી અને કાલે ચરણ પાદુકાનું પુજન-મહાપ્રસાદ



જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ ભગવતગુરૂ આશ્રમ સુર્ય મંદિર મહામંડલેશ્વર પુ.જગજીવનદાસબાપુનાં સાનિધ્યમાં ગુરૂપુર્ણિમા મહોત્સવની ઉજવણી ભવનાથ સદગુરૂ ત્રિકમદાસબાપુ અન્નક્ષેત્રમાં કરવામાં આવનાર છે.

જે નિમિતે આજે રાત્રે ૯-૩૦ કલાકે સંતવાણીના કાર્યક્રમમાં જયદિપ સોની, લાલદાસજી ગોંડલીયા, શ્રી રાજ ગઢવી સહિતના કલાકારો જમાવટ કરશે અને રવિવારે સવારે ૮ થી ૧૧ ગુરૂપુજન પુ.ત્રિકમદાસબાપુની ચરણ પાદુકાનું પુજન કરવામાં આવશે. અનો બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદનું આયોજન કરાયું છે. જેમાં ઉપસ્થિત રહેવા સેવક સમુદાયને લઘુમહંત વિશ્વેશદાસ જગજીવનદાસબાપુએ નિમંત્રણ પાઠવ્યું છે.

## જૂનાગઢના કડીયાવાડમાં ખોટા કેસમાં ફીટ કરાવી દેવાની ધમકી આપી વેપારીઓ પાસેથી પૈસા લેનાર વિરૂધ્ધ ફરીયાદ

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ શહેરના કડીયાવાડ વિસ્તારમાં વેપારીઓ પાસેથી એટ્રોસીટી સહિતના કેસોમાં ફસાવી દેવાની ધમકી આપી બળજબરીથી પૈસા કઢાવનાર શખ્સ સામે એ ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે ચંદુલાલ બીલંદરાય ખંઢેરીયાએ ફરીયાદી બની આરોપી તરીકે સુરેશ કાનજી રહે.જૂનાગઢવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ ફરીયાદી તથા સાહેદોની દુકાને અવાર નવાર આવી એટ્રોસીટીના કેસમાં તેમજ હાથમાં છરીના ચેક મારી ખોટા કેસમાં ફીટ કરાવી દેવાની ધમકી આપી ફરીયાદી પાસેથી ૧૬૦૦ રૂપિયા બળજબરીથી લઈ તેમજ સાહેદો પાસેથી પણ બળજબરીથી રૂપિયા લીધા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ વી.એલ.લગધીરે હાથ ધરી છે.

## જૂનાગઢમાં મકાન ખાલી કરાવવા મહિલા પર હુમલો

જૂનાગઢ તા.૨૦

શહેરના હર્ષદનગર વિસ્તારમાં રહેતા મહિલા પર મકાન ખાલી કરાવવા બાબતે ત્રણ શખ્સોએ હુમલો કર્યાની ફરીયાદ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે સાબેરાબેન હનીફભાઈ પઢાયાએ ફરીયાદમાં આરોપી તરીકે અમીનભાઈનો દિકરો તથા બે અજાણ્યા શખ્સોના નામો આપી ફરીયાદમાં જણાવેલ કે, ફરીયાદી પોતાના ઘરમાં એકલા હતા ત્યારે આરોપી અમીનભાઈનો દિકરો જેના પુરા નામ સરનામાની ખબર નથી તે તથા તેની સાથે બે અજાણ્યા શખ્સોએ ફરીયાદીને મકાન ખાલી કરી નાંખવાનું કહી આ મકાન મે લીધેલ છે તેમ કહી જેમ ફાવે તેમ ગાળો બોલી આરોપી અમીનભાઈના દિકરાએ ફરીયાદીને માથામાં લોખંડનો પાઈપ મારી તથા બે અજાણ્યા શખ્સોએ ઢીકાપાટુનો મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



### પ્રથમ માસિક પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલી

નિષ્ઠા અને સદભાવના ની લગન થી સમાજ માટે સેવા કરનાર અને હીંદુ રાષ્ટ્ર ને હમેંશા માટે પોતાની જિંદગી ને સમર્પિત કરનાર એવા અમારા સુરવિર મોટા ભાઈ ની પ્રથમ માસિક પુણ્યતિથિ પર પરમ કૃપાળુ પરમેશ્વર એમના દિવ્ય આત્મા ને શાંતિ આપે...

સ્વ.સમીરભાઈ રસીકભાઈ મોરવાડીયા
સ્વ.તા.૨૦/૦૬/૨૦૨૪

લી.
રસિકભાઈ લક્ષમણભાઈ મોરવાડીયા (પપ્પા)
જયેશભાઈ લક્ષમણભાઈ મોરવાડીયા (કાકા)
કલ્પેશભાઈ રસિકભાઈ મોરવાડીયા (ભાઈ)
પ્રશાંતભાઈ જયેશભાઈ મોરવાડીયા (ભાઈ)
અમીતભાઈ જયેશભાઈ મોરવાડીયા (ભાઈ)
સ્મિત સમીરભાઈ મોરવાડિયા / જીનેશ કલ્પેશભાઈ મોરવાડિયા
તથા સમસ્ત મોરવાડીયા પરિવાર

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.